REGISTERED N. B. 876

શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રગટ થતું

# बुद्धिप्रभा.

## LIGHT OF REASON.

ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः

पुस्तक ४ थुं. जुन. १९१२ वीर संवत २४३८ अंक ३ जो.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| કરેલ્ન કાર્ય તું ત્હારૂં ... ... | ૬૫ | કર્મનો નિયમ... ... ... | ૭૮ |
| અનુભવ આવશે સાચો... ... | ૬૬ | દિવ્ય પિતૃપ્રેમ. ... ... | ૮૧ |
| અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા. ... | ૬૬ | જ્ઞાન સુગંધ... ... ... | ૮૪ |
| સત્પણું ... ... ... | ૬૯ | શ્રી હીર સૌભાગ્ય મહાકાવ્ય. ... | ૮૫ |
| જૈન સૂરિઓ વગેરેનું સત્તરમી સદીથી આરંભીને ઐતિહાસીક વૃત્તાન્ત.... | ૭૨ | સરદાર શેઠ લાલભાઇ દલપતભાઇનું ટુંક જીવન વૃત્તાંત ... ... | ૮૯ |
| બાદશાહી હીરાકણીઓ ... ... | ૭૩ | સમાચાર. ... ... ... | ૯૩ |
| હાસ્ય મંજુષા. .... ... | ૭૫ | જીવદયા પ્રકરણ. ... ... | ૯૫ |
| સુવિચાર નિર્ઝર. ... ... | ૭૭ | અભિપ્રાય. ... ... ... | ૯૬ |



प्रसिद्धकर्त्ता—श्री अध्यात्मज्ञानप्रसारकमंडळ.

વ્યવસ્થાપક-અમદાવાદ શ્રીજૈનશ્વેતાંબર મૂર્તિપૂજકબોર્ડીંગ-

તરફથી શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીઆ.

સુપ્રીન્ટેન્ડન્ટ.

વાર્ષિક લવાજમ—પોસ્ટેજ સાથે રૂ. ૧—૪—૦ સ્થાનિક ૧—૦—૦

અમદાવાદ શ્રી 'સત્યવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું.

# બોર્ડીંગ પ્રકરણ.

૧૦૦—૦—૦ શા. રવચંદ ધરમચંદ. હ. જમનાદાસ હરગોવિંદ. અમદાવાદ.

૧૫૬—૦—૦ શ્રી મુંબાઇમાં વસતા નીચેના સદ્‌ગૃહસ્થોએ દરમાસે નીચે મુજબ રકમ આપવા કહેલી તે મુજબ નવમા માસના હ. ઝવેરી. સારાભાઇ ભોગીલાલના જવાબથી ઝવેરી. ચીમનલાલ સારાભાઇ.

| | |
|---|---|
| ૧૦) ઝવેરી. લાલભાઇ મગનલાલ. | ૧૦) ઝવેરી. મોહનલાલ હીમચંદ. |
| ૧૦) ઝવેરી. મણીલાલ સરચંદ. | ૫) ઝવેરી. મોહનલાલ ગોકલદાસ. |
| ૧૦) ઝવેરી. અમૃતલાલ મોહોલાલ ભાઇ. | ૭) ઝવેરી. મોહનલાલ લલ્લુભાઇ. |
| ૧૦) ઝવેરી. ભોળાભાઇ બાપાલાલ. | તથા બીજા દલાલોના મળીને. |
| ૭) ઝવેરી. અમૃતલાલ કાલીદાસ. | ૧૦) ઝવેરી. ભોગીલાલ મોહોલ્લાલભાઇ. |
| ૧૧) ઝવેરી. ચંદુલાલ છોટાલાલ. | ૧૦) ઝવેરી. માણેકચંદ કપુરચંદ. |
| ૧૦) શેઠ. મગનલાલ કકુચંદ. | ૧૧) ઝવેરી. સારાભાઇ ભોગીલાલ. |
| ૧૦) ઝવેરી. લાલભાઈ મણેકલાલ. | ૧૦) ઝવેરી. લાલભાઇ સારાભાઇ, |
| ૧૦) ઝવેરી. ઉદેચંદ ભાયચંદ. | ૫) ઝવેરી. જગાભાઇ ભોળાભાઇની કું૦ |

૧૫૬—૦—૦

૨૧—૦—૦ શ્રી વસોના સંઘ તરફથી હ. શેઠ. જેઠાલાલ નથુભાઇ. વસો.

૨૫—૦—૦ પટવા. મગનલાલ પ્રેમચંદ. હ. પટવા. ડાહ્યાભાઇ સાંકલચંદ. અમદાવાદ.

૫૦—૦—૦ શ્રી. કાવીઠાના નીચેના સદ્‌ગૃહસ્થોના હ. શેઠ. લાલભાઇ ત્રીકમલાલ.

| | |
|---|---|
| ૨૭) શા. ઝવેરભાઇ ભગવાનદાસ. | ૧) શા. ચુનીલાલ સદાજી. |
| ૧૫) શા. રતનચંદ લાધાજી. | ૧) શા. ગહેલાભાઇ ભગુભાઇ. |
| ૩) શા. અવચલભાઇ પદમાજી. | ૧) પટેલ શંકરભાઇ ગહેલાભાઇ |
| ૨) શા. ઝવેરભાઇ શંભુદાસ. | |

૫૦—૦—૦

૫૧—૦—૦ શા. ભીખાભાઇ લક્ષ્મિચંદ બા. બોરસદની ટીપમાં નોંધાવેલા તે. મીઆર.

૫—૦—૦ વારૈયા. ધરમશી હરજીવનદાસની વતી આણંદજી પુરૂષોત્તમ. હ. શા. વીરચંદ દેવચંદ. ભાવનગર.

૫—૦—૦ બ્હેન. ચંપા હિરાચંદ. બા. કેરીઓના જમણ માટે. અમદાવાદ.

૫૦—૦—૦ સ્વર્ગસ્થ શેઠ. લાલભાઈ દલપતભાઇ ભગુભાઇના સ્મરણાર્થે હ. શેઠ. ચીમનભાઇ લાલભાઇ. અમદાવાદ.

૪૬૩—૦—૦

**ભાષણ**—બોર્ડીંગના વિદ્યાર્થી શા. અંબાલાલ ત્રીભોવનદાસ તથા પટેલ ગોરધનદાસ દેવજી ભાઇએ બોરસદ, કાવીઠા તથા વસોમાં શ્રીમદ્ મુનિમહારાજ શ્રી બુદ્ધિસાગરજીના પ્રમુખ પણા નીચે મીટીંગ ભરી બોર્ડીંગની મદદ માટે ભાષણો આપ્યાં હતાં.

# બુદ્ધિપ્રભા.

## (The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रदद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૪ થું. તા. ૧૫ મી જુન. સન ૧૯૧૨ અંક ૩ જો.

### " करे जा कार्य तुं व्हारुं "

કવ્વાલી.

વિવેકે પૂર્ણ અવલોકી, કરી નિશ્ચય થશે તેનો;
સકલ સામગ્રીના યોગે, કરે જા કાર્ય તું વ્હારૂં ૧
કરે ટીકા ઘણા લોકો, કરે હાંસી પડે વિઘ્નો;
ધરીને આત્મની શ્રદ્ધા, કરે જા કાર્ય તું વ્હારૂં ૨
ટળે ઉત્સાહ એવા બહુ, સુણીને બોલ અન્યોના;
જરા નહિ ચિત્ત ગભરાતો, કરે જા કાર્ય તું વ્હારૂં. ૩
પ્રથમ સામા થશે લોકો, પછીથી સર્વ અનુસરશે;
ચરિત્રજ વીરનું વાંચી, કરે જા કાર્ય તું વ્હારૂં. ૪
વિજયનાં ચિન્હ દેખાશે, વિપત્તિયો થશે દૂરે;
કઠીન પૂર્વે પછી સહેલું, કરે જા કાર્ય તું વ્હારૂં. ૫
સદા આત્મોન્નતિ માટે, સહન કર તાઢ ને તડકો;
કરૂણા સૃષ્ટિપર લાવી, કરે જા કાર્ય તું વ્હારૂં. ૬
સતત ઉદ્યોગ સાહસથી, મળે છે દૈવી શક્તિયો;
જગત્ ઉદ્ધાર કરવાનું, કરે જા કાર્ય તું વ્હારૂં. ૭
ઘણા ભવ સંસ્કારોથી, થશે અભ્યાસની પૂર્તિ;
"બુદ્ધ્યબ્ધિ" ભાવ લાવીને, કરે જા કાર્ય તું વ્હારૂં. ૮

૧૯૬૮ વલસાડ પોશ વદી ૧૪. स्वगत.

# अनुभव आवशे साचो.

કવ્વાલી.

કરી એકાગ્ર મન સત્વર, અધુરા યોગને તું સાધ
સદા અભ્યાસ કરવાથી, અનુભવ આવશે સાચો. ૧

ઉપાધિયો કરીને દૂર, રહી એકાન્તમાં યોગે;
થઇ તન્મય વહ આગળ, સદા સ્થિર રાખ ત્યાં મનડું ૨

ઉતર ઝટ આત્મમાં ઉંડો, પ્રભુના માર્ગમાં ચાલી.
થશે જો વાસનાઓ દૂર, અનુભવ આવશે સાચો ૩

પરોક્ષે પણ પ્રતીતિ દ્રઢ, વહે આનન્દની ઘેનજ;
વિલય વિક્ષેપનો થાતાં, અનુભવ આવશે સાચો. ૪

ખરેખર પ્રેમની લગની, સદા લાગી રહે ઉત્તમ;
ઉતરવાથી ઘણું ઉંડું, અનુભવ આવશે સાચો. ૫

બહુ યોગિક ગ્રન્થોનો, અનુભવ લઈ ગુરૂગમથી;
સ્થિરાસન ચિત્ત કરવાથી, અનુભવ આવશે સાચો. ૬

અનાશ્રિત કાર્ય કરવાનો, સતત અભ્યાસ ઝટ આદર !
થતાં સંકલ્પનો ત્યાગજ, અનુભવ આવશે સાચો. ૭

ઘણી શ્રદ્ધા ઘણી ભક્તિ, દયા ગંગાવિષે ન્હાતાં.
"બુદ્ધ્યબ્ધિ" ધ્યાન અભ્યાસે અનુભવ આવશે સાચો. ૮

૧૯૬૮ વલસાડ પોશ વદી ૧૨ स्वगत.

---

# " अध्यात्मज्ञाननी आवश्यकता. "

મનુષ્યો અધ્યાત્મજ્ઞાનરૂપ અમૃતરસથી પોતાના આત્માને નવું જીવન અર્પે છે અને પોતાના આત્માને સદાકાલને માટે સુખી બનાવે છે. અધ્યાત્મજ્ઞાનરૂપ અમૃતરસનું પાન જેઓ કરતા નથી તેઓ વિષયરૂપ ઝેરનું પાન કરે છે અને પોતાની જીંદગીને દુઃખમય બનાવીને પરભવમાં પણ દુઃખના ભોક્તા બને છે. પંચેન્દ્રિય વિષયસુખ તો ખરેખર ઝેરસમાન છે અને તેમાં સદાકાલ રક્ત થવાથી અનન્તકાલ પર્યન્ત દુઃખના ભોક્તા બનવું પડે છે. પંચેન્દ્રિય વિષયસુખ ભોગવવામાં અનેક જીવો સદાકાલ પ્રયત્ન કર્યા કરે છે તેમાંથી મુક્ત કરાવનાર અમૃતરસ કરતાં અધિક અધ્યાત્મરસ છે. આત્મસુખની પ્રતીતિ કરાવીને આત્મામાં રમણુતા કરાવનાર ઉત્તમમાં ઉત્તમ અધ્યાત્મરસ છે-વૃક્ષમાં વહેતો રસ જેમ સંપૂર્ણ વૃક્ષને

પોષે છે તેમ અધ્યાત્મરસ પણ આત્માના સકલ ગુણોને પોષે છે અને આત્માની શુદ્ધિ કરીને તેને પરમાત્મારૂપ બનાવે છે. આત્માના ગુણોનો બાગ સિંચનાર અને તેને વિકસિત કરનાર અધ્યાત્મજલ છે. અધ્યાત્મરસમાં મારેલી અનુભવરૂપ માત્રાનું સેવન કરનાર મનુષ્યો પોતાના આત્માને પુષ્ટ કરીને નવું ચૈતન્ય પ્રગટ કરે છે–વૃક્ષોની અનેક શાખાઓ અને પ્રશાખાઓ હોય છે. શાખાઓ અને પ્રશાખાઓના આકારો ભિન્ન ભિન્ન હોય છે કિન્તુ તે શાખાઓ અને પ્રશાખાઓમાં વહેનાર રસ તો એક સરખો હોય છે તે પ્રમાણે ભિન્ન ભિન્ન ગચ્છો આચારો–મતો ધર્મની ભિન્ન ભિન્ન શાખાઓ અને પ્રશાખાઓને પોષનાર અધ્યાત્મરસ તો એકજ છે–મનુષ્યના મસ્તક પર તાપ તપતો હોય, ઉષ્ણ લુના વાયરાઓ ચારે તરફથી વાતા હોય, તૃષા લાગવાથી કંઠસુકાઇ ગયો હોય–તૃષાથી જીવ આકુલ વ્યાકુલ થતો હોય--આંખો ઉંડી ગઇ હોય, પગમાં ચાલવાની શક્તિ મન્દ થતી હોય એવામાં શીતલજલની વાવ મળે તો સર્વપ્રકારની પીડા દૂર થઇ જાય અને શીતલજલથી તૃષાનું દુઃખ ટળે તે પ્રમાણે મનુષ્યોને ચારે તરફથી અનેક પ્રકારની ઉપાધિયોના તાપ લાગતા હોય–તૃષ્ણાવડે અનેક પ્રકારનું દુઃખ અનુભવાતું હોય, આત્મબળની મન્દતા હોય તેવા વખતે અધ્યાત્મરસનો અમૃત ઘડો મળે તો ખરેખર સર્વપ્રકારનું દુઃખ દૂર થયાવિના રહે નહિ. અધ્યાત્મરસમાં એવા પ્રકારની શક્તિ છે કે તે પચ્યાબાદ આત્મામાં નવું ચૈતન્ય પ્રકટાવીને આત્મામાં આનંદનો આવિર્ભાવ કરે છે. જે મનુષ્યો અધ્યાત્મરસનું પાન કરે છે તેઓને અન્યરસોના સ્વાદો નિર્માલ્ય લાગે છે અને તેઓના મનમાં અધ્યાત્મરસ ચાખવાનીજ ભાવના વર્ત્યા કરે છે. એકવાર જેણે અમૃતરસનો લેશ પીધો તેને બાકસણુકસનું ભોજન ગમે નહિ. તદ્વત્ એકવાર અધ્યાત્મરસનું પાન કરવાથી પશ્ચાત્ અન્યરસો ઉપર રૂચિપ્રગટતી નથી. તેમાંજ અધ્યાત્મરસની મહત્તા અવબોધવી. અધ્યાત્મજ્ઞાનનું શિરછત્ર જેના મસ્તકપર સદાકાલ હોય છે તેજ આનન્દરસનો ભોગી અને ત્રણ ભુવનમાં એક સત્તાધારી જાણવો, અધ્યાત્મજ્ઞાનની સત્તાવડે જેઓ પાંચ ઇન્દ્રિયો ઉપર અમલ ચલાવે છે તેજ ખરા રાજ્યકર્ત્તા જાણવા, અધ્યાત્મજ્ઞાનરૂપ સૂર્યના કિરણોવડે જેના હૃદયમાં પ્રકાશ થાય છે તે મનુષ્ય દુર્ગુણોને જીતવા સમર્થ બને છે. એક કવિ કહે છે કે સ્થૂલ સામ્રાજ્ય કરતાં સૂક્ષ્મ અધ્યાત્મસામ્રાજ્યની લીલા જુદાજ પ્રકારની છે. અધ્યાત્મજ્ઞાનની સૃષ્ટિની રમણીયતાને અવલોક્યાવિના મનુષ્યની જીંદગી નકામી છે. એક કવિ કહે છેકે તમો અધ્યાત્મમાં ઉંડા ઉતરો. તમારા મનમાં રહેલી શંકાઓ પોતાની મેળે નષ્ટ થઇ જશે. એક કવિ કહેછેકે અધ્યાત્મમાં એવો જુસ્સો વહે છે કે તે જુસ્સામાં ચઢેલો આત્મા આખા જગતની શહેનશાહીનો પોતે ઉપરી બનીને અપૂર્વ આનન્દરસની ખુમારીમાં લ્હેર મારે છે. એક કવિ કહેછેકે દુનિયાના અનેક ધર્મ પન્થોમાંથી સત્યરસને ખેંચનાર અધ્યાત્મજ્ઞાન છે. એક મહાત્મા કથેછેકે મોક્ષ માર્ગની ખરી નિસરણી અધ્યાત્મજ્ઞાન છે. અધ્યાત્મજ્ઞાનનો માર્ગ પ્રાપ્ત થવો એ કંઇ સામાન્યકાર્ય નથી. અધ્યાત્મજ્ઞાનના માર્ગપર ટકી રહેવું એ કંઇ સામાન્ય વાત નથી, અધ્યાત્મજ્ઞાનનો સ્વાદ લેવો એ કોઇ સામાન્ય વાત નથી. આખા જગત્માં સૂર્યની પેઠે સર્વને પ્રકાશ આપવાની ઇચ્છા થતી હોય તો અધ્યાત્મજ્ઞાનના માર્ગપર આવો, અધ્યાત્મજ્ઞાન ખરેખર તમારા હૃદયમાં રહેલા અનેક દોષો ટાળીને વૈદ્યની ગરજ પુરી પાડશે.

અધ્યાત્મરસમાં રસીલા બનેલા મનુષ્યોએ પોતાનો અધિકાર પુનઃ પુનઃ નિરીક્ષવો જોઇએ. અને અધિકારપરત્વે યોગ્ય અનુષ્ઠાનો આદરવામાં ખામી ન રાખવી જોઇએ, મનુષ્યોના હૃદયને સ્વચ્છ બનાવનાર અધ્યાત્મરસ છે. ચારે તરફ અગ્નિ બળતો હોય અને વચ્ચમાં

કોઇ ઉભો રહીને શીતલતા અનુભવતો હોય તો તે અધ્યાત્મજ્ઞાની છે. મનરૂપ માંકડાને વશ રાખવા માટે શાસ્ત્રોમાં અનેક પ્રકારના ઉપાયો વર્ણવ્યા છે પણ તે સર્વમાં અધ્યાત્મ સમાન અન્ય કોઈ ઉપાય નથી. અધ્યાત્મજ્ઞાનરૂપ ભાંગને પીને જેઓ અલમસ્ત બને છે તેઓ જગત્‌માં કોઇની સ્પૃહા રાખતા નથી. અધ્યાત્મ ભાંગને પીનારાઓ બાહ્ય દૃષ્ટિઓની અપેક્ષાએ ઉલટી આંખે દેખનારા અધ્યાત્મજ્ઞાનીઓ પરમાત્માનું દર્શન કરીને અખંડાનંદમાં મસ્ત રહે છે. જ્યાં અન્તરથી આત્માના ધર્મની ઉપયોગ ધારા વહેતી હોય ત્યાં આનંદનું શું પૂછવું, વિવેકિ મનુષ્યો છેલ્લામાં છેલ્લી આનન્દમય અધ્યાત્મજ્ઞાનની શોધ કરીને તૃપ્ત બને છે. મનુષ્યોની જેમ જેમ સૂક્ષ્મ દૃષ્ટિ થતી જાય છે તેમ તેમ તેઓ આત્મતત્વના જ્ઞાનમાં ઠેઠ ઉંડા ઉતરતા જાય છે અને અન્તરનો પરમાનન્દરસ આસ્વાદે છે. જે મનુષ્યોની ઉત્તમોત્તમ અધ્યાત્મ દૃષ્ટિ ખીલતી જાય છે તેઓની દૃષ્ટિમાં ઘણી શુદ્ધતા થવાથી તેઓ મનુષ્યોના સદ્‌ગુણોને શોધી શકે છે અને દોષોથી દૂર રહે છે તેમજ અનાદિકાલથી અન્તરમાં પરિણામ પામેલી એવી દોષ દૃષ્ટિને મૂળમાંથી ઉખેડી નાખે છે.

કોઇના મનમાં એવો વિચાર આવે કે આખી દુનિયામાં સદ્‌ગુણો ફેલાવવા અને દુર્ગુણોનો મૂળમાંથી નાશ કરવો. આવા વિચારવાળાને ભલામણ છે કે તેણે ઉત્તમ અધ્યાત્મ જ્ઞાનનો જગત્‌માં પ્રકાશ કરવો જોઇએ. અધ્યાત્મજ્ઞાનના નિક્ષેપાની અપેક્ષાએ ચાર ભેદ પડે છે. **नाम अध्यात्म, स्थापना अध्यात्म, द्रव्य अध्यात्म** અને **भाव अध्यात्म** ચારે નિક્ષેપાએ અધ્યાત્મ તત્ત્વનું જ્ઞાન કરવું જોઇએ. નામ સ્થાપના અને **द्रव्य** એ ત્રણ નિક્ષેપા કારણ છે અને ભાવ નિક્ષેપો કાર્ય છે. નામાદિ ત્રણ નિક્ષેપાએ જે અધ્યાત્મ કહેવાય છે તે ભાવ અધ્યાત્મના હેતુપણે પરિણમે છે–આદ્યના ત્રણ નિક્ષેપા વ્યવહારમાં ગણાય છે અને ભાવઅધ્યાત્મનો નિશ્ચયમાં સમાવેશ થાય છે–અધ્યાત્મના ગ્રન્થો વગેરેનો દ્રવ્યમાં સમાવેશ થાય છે કારણ કે અધ્યાત્મના ગ્રન્થો વાંચીને ભાવઅધ્યાત્મ રસની પરિણતિ જાગ્રત્ થાય છે–જે જે કાર્યમાં જે જે કારણપણે પરિણમે છે તે દ્રવ્ય ગણાય છે અને કારણોવડે જે જે અંશે કાર્યની પ્રગટતા થાય છે તે ભાવ ગણાય છે–જૈનશાસ્ત્રોમાં દરેક નિક્ષેપાની સાપેક્ષપણે ઉપયોગિતા દર્શાવી છે. વિશેષાવશ્યકમાં ચાર નિક્ષેપાની ઉપયોગિતા સંબંધી ઘણું વિવેચન કરવામાં આવ્યું છે–દરેક નિક્ષેપાનું સ્વરૂપ ઉંડા ઉતરીને તપાસીએ છીએ તો તેમાંથી કાંઇ જાણવાનું મળ્યા વિના રહેતું નથી. પ્રત્યેક નિક્ષેપાની ઉપયોગિતા સમજવી એ કંઇ સામાન્ય વાત ગણાય નહિ. દુનિયામાં નામ સ્થાપના અને દ્રવ્ય અધ્યાત્મની પોત પોતાના કાર્યની અપેક્ષાએ અનન્ત ગણી ઉપયોગિતા છે. નામ સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપાની ઉપયોગિતા સ્વીકાર્યા વિના છુટકો થતો નથી. નૈગમ અને વ્યવહારનય, દ્રવ્યની ઉપયોગિતા જણાવે છે અને જો દ્રવ્યનો અસ્વીકાર કરવામાં આવે તો નૈગમ સંગ્રહ અને વ્યવહારનયનો અપલાપ થાય માટે સાપેક્ષ દૃષ્ટિથી ચારે નિક્ષેપાની ઉપયોગિતા સ્વીકારવા યોગ્ય છે–દ્રવ્યનિક્ષેપો જો ભાવને પ્રકટાવે તો તે ઉપયોગી જાણવો. શ્રીમદ્ આનન્દઘનજી ભાવઅધ્યાત્મની ઉપયોગિતા સંબંધી ભાર મૂકીને જણાવે છે કે–**नाम अध्यातम ठवण अध्यातम द्रव्य अध्यातम छंडोरे. भाव अध्यातम निज गुण साधे तो तेह शुं रढमंडोरे**–નામ સ્થાપના દ્રવ્ય એ ત્રણ નિક્ષેપાઓ ભાવ નિક્ષેપાની સાધ્ય શૂન્યતાએ ત્યાગ કરવા લાયક છે–શુદ્ધ અધ્યાત્મ જ્ઞાનિયો દ્રવ્ય નિક્ષેપાના ઉપાસક છે પણ જો તેઓ સદાચારો અને સદ્‌વિચારોવડે આત્માને ઉત્તમ બનાવે

તો ભાવ અધ્યાત્મના દ્વારમાં પ્રવેશ કરનારાઓ ગણી શકાય—આત્માના સદ્ગુણો પ્રકટાવવા એ ભાવ અધ્યાત્મભાવ અવબોધવો—શ્રીમદ્ આનન્દઘનજી ભાવ અધ્યાત્મની અત્યંત ઉપયોગિતા જણાવે છે તેમાં ઘણું રહસ્ય સમાયું છે. ભાવઅધ્યાત્મની ઉપયોગિતા સર્વથા માન્ય છે અને તેનેજ સાધ્યબિન્દુ કલ્પીને જે જે અનુષ્ઠાનો કરવાનાં હોય તે કરવાં જોઇએ. આત્માના પરિણામની શુદ્ધિ એજ અધ્યાત્મ છે એમ તેમણે જણાવીને ભાવ અધ્યાત્મ તરફ મનુષ્યોની વૃત્તિ વાળવાને માટે પોતાની રૂચિ અનુસાર શાસ્ત્રાધારે પ્રયત્ન કર્યો છે.

---

# सतपणुं.

## પ્રકરણ બીજું—વિશ્વ.

( હરબર્ટ વૉરનના લેખનો અનુવાદ. )

( અનુસંધાન ગતાંક પાને ૪૫ થી )

( અનુવાદક—**ઉમેદચંદ દોલતચંદ-બરોડીઆ,** બી. એ. )

વિશ્વ એકલું સત્ છે. સત્ શબ્દના અનેક અર્થ થાય છે. પરંતુ અત્રે તો તેનો અર્થ દ્રવ્ય થાય છે. વિશ્વ દ્રવ્યનું બનેલું છે. તેમાં સઘળી વસ્તુઓનો સમાવેશ થાય છે અને એમ હોવાથી દશ્ય કે અદશ્ય, સ્પર્શનીય કે અસ્પર્શનીય, ચેતન કે અચેતન—એ સઘળું તેમાં છે.

ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં વિશ્વને અવિભાજિતપણે આખી વસ્તુ તરીકે ગણવામાં આવે તો તેનું માત્ર એકજ દષ્ટાંત છે. તેના વિના બીજું કંઇ પણ સત્ નથી. સત્ શિવાયની વસ્તુઓ સત્ નથી પણ અસત્ય કે કલ્પિત છે અને અસત્ કલ્પનાની બહાર તેનું અસ્તિત્વ સંભવતું નથી.

નીચેનો પેરેગ્રાફ નૈયાયિક મગજવાળાઓનેજ માત્ર રસ—રમુજ આપશે.

હવે જે સઘળું હયાતી ધરાવે છે તેજ વિશ્વ છે, તેથી જે સઘળી વસ્તુઓ નથી તે અથવા નાસ્તિત્વ એટલે શું તે સમજવાની આવશ્યકતા જણાય છે. વિશ્વ સત્ દ્રવ્યથીજ બનેલું હોવાથી, વિશ્વના કોઇ પણ નાના કે મોટા ભાગનું સંપૂર્ણ નાસ્તિત્વ અશક્ય છે; કારણકે અખિલ વિશ્વનું સંપૂર્ણ નાસ્તિત્વ માનવાથી માત્ર શૂન્યતા (અભાવ) બાકી રહે છે. સ્વર્ગ, નરક કે જીવોના બીજા નિવાસ સ્થાનવાળા સકળ લોકની બહાર—દૂર માત્ર શૂન્ય આકાશ છે. પણ આકાશ એ સત્ અને અમુક વસ્તુ છે. સર્વે પ્રકારે—સંપૂર્ણ શૂન્ય અભાવ એ અસત્ વિચાર છે અથવા અસ્તિત્વ ધરાવતી વસ્તુઓ સંબંધી અજ્ઞાન છે. જો શૂન્યતાનો અર્થ સકલ સતપણાનો અભાવ એવો થાય તો શૂન્યતા સત્ કેમ હોઇ શકે ? વિશ્વને અખંડિત રીતે વિચારીએ તો આપણો પણ તેમાં સમાવેશ થાય છે. પોતાના સંબંધી વિચાર કરતાં આપણે આપણાથી વ્યતિરિક્ત વિશ્વના—શેષ પરભાગને ગણતા નથી.

આ શેષથી આપણે પોતે દૂર રહેલા છીએ. આવી રીતે તરતજ (૧) સ્વ અને (૨) પર એવા એક બીજાથી ભિન્ન બે ભાગોનું આ વિશ્વ બનેલું છે. પરસ્પર જુદી બે વસ્તુઓ પ્રતિપાદિત થવાથી એકનો પોતાની બહાર બીજીમાં અભાવ હોય છેજ ! જ્ઞાન એ અંતિમ પ્રમાણ છે અને સ્વ એજ પર છે અથવા પર એજ સ્વ છે એમ કોઇ પણ જીવ જાણી ખરી રીતે અનુભવી માની કે પ્રતિપાદન કરી શકેજ નહીં. સ્વ એટલે આપણો પોતાનો

પર એટલે વિશ્વના શેષ ભાગ સાથે સંબંધ છે અને તે શેષનો આપણી સાથે સંબંધ છે એમ તે જાણે છે અને સત્યપૂર્વક માની કે પ્રતિપાદિત કરી શકે. આ ઉપરથી આપણા પોતાના નાસ્તિપણાની કલ્પના એ માત્ર આપણાથી દૂર રહેલા—વ્યતિરિક્ત વિશ્વના શેષ ભાગની કલ્પના છે. અત્રેજ આપણા પોતાનું નાસ્તિ પણું કલ્પી શકાય છે અને આપણી હયાતી જ્યાં છે ત્યાં જ આપણું અસ્તિત્વ છે. આ ઉપરથી આપણા પોતાનું ન હોવાપણું એટલે ગમે તે ઠેકાણે તદ્દન નાસ્તિત્વ—સંપૂર્ણ નાશ અથવા અસ્તિત્વનું બંધ પડવું એવો અર્થ કરવામાં આવે તો તે અસત્ય ખ્યાલ છે. એટલા માટે સ્વ અને પર એ નામના પરસ્પર સંબદ્ધ પણ પરસ્પર ભિન્ન અવિભાજ્યોથી બનેલા વિશ્વમાં વિશ્વને અખિલ વસ્તુ તરીકે વિચારવામાં Units આવે તો ( અખિલ વ્યક્તિ તરીકે નહીં ) અસ્તિત્વવાળી બધી વસ્તુઓનું ( સ્વ—પોતાનું આ વિશ્વ છે એટલુંજ નહીં પણ નાસ્તિત્વ ધરાવતી બધી વસ્તુઓનું ( પર—બીજું કંઇક ) એ આ વિશ્વ છે. સ્વ અને પર એવા પરસ્પર ભિન્ન અવિભાજ્યો વાળા તેને તેજ વિશ્વની અંદર રહેલ પદાર્થો સાથે વિશ્વ પણ સદા તેનું તેજ છે, આમ સાક્ષાત્ નિશ્ચિત સર્વવ્યાપક વિશ્વરૂપી અવિકારી માનસિક ચિત્રને મગજમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ એ બે શબ્દો ખડું કરે છે. વિશ્વને અવિભાજિતપણે કલ્પીએ તો અસ્તિત્વ અને નાસ્તિત્વ એ એકજ છે એમ 'હેગેળ' Hegel નો ન્યાય જણાવે છે.

વિશ્વનો અભાવ એટલે સંપૂર્ણ નાસ્તિપણું અથવા ખાલી શૂન્યપણું એવી દૃઢ અસત્ય કલ્પના આપણને ઉપર પ્રમાણે સમજતા અટકાવે છે.

## દ્રવ્યના પ્રકારો.

વિશ્વ સત્ છે પરંતુ તે એકજાતીય દ્રવ્ય નથી. વિશ્વના જે ભાગમાં આપણો પોતાનો સમાવેશ નથી તેમાં આપણા જેવાજ સચેતન બીજા જીવો તેમજ અચેતન પુદ્ગળ હોય છે તે ઉપરાંત આકાશ, કાલ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય પણ તેમાં છે. જીવો સાથેજ માત્ર ધર્મનો સંબંધ હોવાથી વિશ્વના સાદી રીતે નીચે પ્રમાણે બે વિભાગ કરી શકીએ.

દ્રવ્ય

જીવ | અજીવ

અજીવ દ્રવ્યના પેટા વિભાગ હાલ તરતમાં મુલતવી રાખીશું.

દેહી, પ્રાણીઓમાં એક ખાસ દ્રવ્ય ( આત્મા ) છે. આ દ્રવ્ય તેમને જીવતા રાખે છે ને લાગણી, જ્ઞાન, ચેતના, આત્મિક વીર્ય અર્પે છે. આધુનિક વિજ્ઞાન શાસ્ત્ર ( Science ) આ દ્રવ્યનું અસ્તિત્વ સામાન્ય રીતે કબુલ કરતા નથી માટે તેના અસ્તિત્વપરત્વે કંઇક સાબીતીની આવશ્યકતા છે.

સર્વે સાબીતીઓ કંઇક જાણીતી સત્ય હકીકતથી શરૂ થાય છે. આ સત્યતાને સિદ્ધ કરવાની જરૂર રહેતી નથી. આ સચેતન દ્રવ્ય ( આત્મા ) ના અસ્તિત્વની સાબીતી નીચેની બાબત ઉપર રચાયેલી છે:—

ખુદ્દજ્ઞાનતંતુના કંપ રૂપે હોય કે મગજના કણ, સ્કંધોના આંદોલનરૂપે હોય તોપણ પુદ્ગલની ગતિ એ ચેતના કે જ્ઞાન નથી. પુદ્ગળના આંદોલન કે એવી કોઇ શક્તિ કે ચંચળતા ચેતના, જ્ઞાન અંશથી ભિન્ન છે એટલુંજ નહિ પણ જાતિમાંયે ભિન્ન છે.

જો આ પૂર્વ સિદ્ધ બીના સમજાતી ન હોય તો ચેતનાના દષ્ટાંતને પૌદ્ગલિક ગતિના દષ્ટાંત સાથે સરખાવવાથી તે બીના સમજી શકાય તેમ છે. જેમકે ઘટિકાયંત્રના લોલક (Pendulum) ના હીંચકા સંબંધી જ્ઞાનને જાણપણા–ચેતનાના ઉદાહરણ તરીકે ગ્રહણ કરો અને પૌદ્ગલિક ગતિના દાખલા તરીકે હીંચકા ખાતું લોલક લ્યો. જો આ બે દાખલાઓની સરખામણી આપણા મગજમાં કરીએ તો આપણને તે ઉપરથી તરતજ જણાશે અથવા શિખાશે કે આમાંની એક બીના બીજી બીના કરતાં તદ્દન ભિન્ન છે અથવા વિજ્ઞાન શાસ્ત્રીઓ જે પ્રમાણે કહે છે તે પ્રમાણે આ દોલાયમાન થતા મસ્તકના સ્કંધો જોવાને આપણી પાસે પુરતી સૂક્ષ્મદષ્ટિ હોત તો સ્કંધોના આંદોલનથી જ્ઞાનસહિત તદ્દન ભિન્ન પ્રકારનીજ ગણાત આંદોલન એક જાતની ચંચળતા છે અને તેની સાથે રહેનારૂં જ્ઞાન બીજા પ્રકારની શક્તિ છે. હીંચકા અને આંદોલન એ અનુક્રમે લોલક અને સ્કંધોની ગતિ છે. આ બીનાઓ સંબંધી જ્ઞાન કંઇ લોલકમાં કે સ્કંધોમાં નથી.

જ્ઞાન એક ગુણ છે. ગુણો દ્રવ્યથી દૂર રહેતા નથી. આમ ગતિમાન્ પુદ્ગલથી ભિન્ન કંઇક અમુક દ્રવ્ય ( આત્મા ) હયાતિ ધરાવે છે એમ સિદ્ધ થાય છે. આ ચેતનાત્મકજ જ્ઞાની દ્રવ્ય ( આત્મા ) વળી લાગણીવાળો છે અને વીર્યાત્મક છે તે અદશ્ય અને અસ્પર્શ યોગ્ય છે પરંતુ તેના અસ્તિત્વની નિશાનીઓ બીજી વસ્તુઓમાં ઉપલબ્ધ થાય છે અને દરેક જીવ પોતાની લાગણી–જ્ઞાન–વીર્ય એ સર્વેને ભોગવે છે.

દશ્યપણું, સ્પર્શ્યપણું અને ગતિ, વીર્ય, લાગણી અને જ્ઞાન એ બધા ગુણો માણસોમાં જનાવરોમાં, સૂક્ષ્મ કોષોમાં ( cells ), રાક્ષસોમાં અને દેવતાઓમાં–સર્વે જીવતા પ્રાણીઓમાં દષ્ટિગોચર કે કલ્પનાગોચર થાય છે.

ગુણોના બે ભિન્ન વર્ગો અત્રે પાડવામાં આવે છેઃ—

૧ દશ્યપણું સ્પર્શ્યપણું, ગતિ.

૨ વીર્ય, લાગણી, જ્ઞાન–ચેતના

બીજા વર્ગના ગુણો શુદ્ધ જડ પુદ્ગલથી કદી બતાવી શકાતા નથી. માત્ર પહેલા વર્ગના ગુણોજ તેનાથી બતાવાય છે. આ પ્રમાણે આ જીવો આત્મા અને દેહ એ નામના બે ભિન્ન પ્રકારના દ્રવ્યોના મિશ્રણ છે એમ સિદ્ધ થાય છે. દેહ અલ્પકાળને માટેજ માત્ર અવિભાજ્ય ( Unit ) છે કારણ કે તે દેહ જતાં અને આવતાં કોષો ( cells ) ના મહાન્ સમૂહનો તે દેહ બનેલો છે. ત્યારે આત્મા એક જાતીય, અવિભાજ્ય અને ભિન્ન ભિન્ન દ્રવ્યોથી નહીં બનેલુ દ્રવ્ય છે. તેના ગુણો જતા નથી અને આવતા નથી. તે સદા અવિકારી છે.–તે પોતે સદા કાયમ રહે છે.–તેમાંથી તેનાથી ભિન્ન પદાર્થ બનતો નથી અથવા તે કોઈ સાથે ભળી જતો નથી લાગણી, વીર્ય અને ચેતના અને તેમના હંમેશ બદલાતા સર્વ પર્યાયો, બીજા વિકારી ગુણો કરતાં તદ્દન છૂટો, જુદો વ્યક્તિ–આત્મા બનાવે છે. આ ગુણો મજબુતાઇથી ગુંથાયેલા છે તેઓ કદી છૂટા પડતા નથી–વિખરાતા નથી કે આસક્તિબિંદુથી દૂર જતા નથી કે તે બિંદુને બદલતા નથી. તેમના પર્યાયો તો અનવછિન્ન રીતે વિકાર–ફેરફારવાળા છે ( પરંતુ આત્માના ગુણો તો સ્થાયી છે. )

# जैन सूरियो वगेरेनुं सत्तरमी सदीथी आरंभीने ऐतिहासिक वृत्तान्त.

શ્રી વિજયદેવસૂરિનો જન્મ સં. ૧૬૩૪ માં થયો અને તેમણે સં. ૧૬૪૩ માં દીક્ષા અંગીકાર કરી. તેઓશ્રીએ નવ વર્ષની બાલ્યાવસ્થામાં દીક્ષા અંગીકાર કરી હતી તેથી ઉત્તમ વિદ્વાન્ થયા હતા. શ્રી વિજયસેનસૂરિનો જન્મ ૧૬૦૪ અને સં. ૧૬૧૩ માં દીક્ષા થઈ અર્થાત્ તેઓએ નવ વર્ષની બાલ્યાવસ્થામાં દીક્ષા અંગીકાર કરી હતી, સં. ૧૬૫૫ માં શ્રી વિજયદેવને પંન્યાસપદ મળ્યું હતું. અર્થાત્ જન્મ્યાબાદ એકવીશમા વર્ષે પંડિત અર્થાત્ પન્યાસપદ પ્રાપ્ત કર્યું હતું. શ્રીહીરવિજયસૂરિએ ઉનાગામમાં સં. ૧૬૫૨ ના ભાદરવા સુદી ૧૧ અગ્યારસે દેહોત્સર્ગ કર્યો હતો. તેમના અને શ્રી વિજયસેન સૂરિના હાથ તળે તેમણે ધાર્મિક જ્ઞાનનો ગુરુકુલવાસ સેવીને સારો અનુભવ ગ્રહણ કર્યો હતો. તેમની બાવીસ વર્ષની ઉમર થઇ તે વખતે એટલે સં. ૧૬૫૬ માં ખંભાત ( સ્તંભતીર્થ ) માં તેમને આચાર્યપદવી આપવામાં આવી હતી, તેમની દીક્ષાના તેરમા વર્ષે આચાર્યપદવીવડે તેઓ અલંકૃત થયા હતા. સં.૧૬૫૮ માં પાટણનિવાસી પારેખસહસવીરે પાંચ હજાર મહંમુદિકાના ખર્ચથી ગણાનુજ્ઞાનંદિ મહોત્સવ કર્યો હતો, તેમણે મંડપાચલ અર્થાત્ માંડવગઢમાં જહાંગીરબાદશાહે બોલાવ્યા હતા અને જૈન ધર્મની ચર્ચા સાંભળીને તેમને મહાતપ બિરૂદ આપ્યું હતું અને તેનો ચન્દુએ મહોત્સવ કર્યો હતો. તેમણે ઇડર પાસેના સાંમલીમાં સૂરિમંત્રનું આરાધન કર્યું હતું. તેમણે સં. ૧૬૮૨ માં વિજયસિંહને આચાર્ય પદવી આપી. સં. ૧૬૮૪ માં જાલોરનગરમાં જયમલ્લજીએ વિજયસિંહ સૂરિનો ગણાનુજ્ઞાનંદિ મહોત્સવ કર્યો—શ્રી વિજયસિંહ સૂરિએ ઉદયપુરના રાણા જગસિંહના અત્યંત આગ્રહથી ઉદેપુરમાં ચોમાસું કર્યું હતું. શ્રી વિજયસિંહસૂરિ વિહાર કરતા કરતા ગુર્જર દેશમાં પધાર્યાં અને શ્રી વિજયદેવ સૂરિને વંદન કર્યું. શ્રી વિજયદેવ સૂરિ ખંભાતમાં ચોમાસુ રહ્યા અને શ્રી વિજયસિંહ સૂરિ અમદાવાદ પાસેના નવાપરામાં ચોમાસુ રહ્યા ત્યાં અશાડ સુદી બીજે તેઓ સ્વર્ગે ગયા ત્યાર બાદ પરમ ગુરૂ શ્રી વિજયદેવસૂરિ ગંધાર નગરે આવ્યા અને ત્યાં અમદાવાદ વગેરે સંઘના આગ્રહથી પોતાના પદે સં. ૧૭૧૦ ની સાલમાં શ્રી વિજયપ્રભ સૂરિને થાપ્યા.

યતિ પટ્ટાવલી વગેરેનો પ્રઘોષ એવો છે કે શ્રી વિજયદેવ સૂરિના બાવન શિષ્ય હતા અને શ્રી વિજયસિંહ સૂરિના બાવન શિષ્ય હતા. એકશો ચાર શિષ્યો વિદ્વત્તાવડે શોભાયમાન હતા-કોને આચાર્ય પદવી આપવી તેના વિચારમાં સૂરિજી પડી ગયા, તેમણે સૂરિમંત્રનું આરાધન કર્યું અને શ્રી વિજય પ્રભને પોતાની પાટ ઉપર અન્યો કરતાં અલ્પ વિદ્વાન્ છતાં બેસાડયા અને પોતે નવા બેસાડેલા આચાર્યને વંદન કર્યું તેથી જેઓ મહા વિદ્વાન હતા તેઓએ પણ વિજયપ્રભ સૂરિને વંદના કરી. દેવીના આદેશથી વિજય પ્રભને આચાર્ય પદવી આપી હતી તેથી વ્યાખ્યાન વખતે દેવી શ્રી વિજયપ્રભ સૂરિની જિહ્વા ઉપર આવી બેસી તેથી સંઘમાં વિજયપ્રભ સૂરિનો અત્યંત પ્રભાવ પડયો. શ્રી સત્યવિજય પન્યાસ શ્રી વિજયસિંહ સૂરિના શિષ્ય હતા તેમણે સંવેગીપક્ષ ગ્રહણ કર્યો, ઇત્યાદિ ઉપર્યુક્ત પ્રઘોષમાંથી જે સત્ય હોય તે વાચકોએ ગ્રહણ કરવું-એટલું તો લેખક પોતાના અભિપ્રાયથી જણાવે છે કે શ્રી વિજયદેવ સૂરિના સમયમાં ઘણા વિદ્વાન્ સાધુઓ હતા અને તેમના ભિન્ન ભિન્ન વિચારોથી મહા ભેદની શરૂઆત થઇ.

( અપૂર્ણ. )

# बादशाही हिराकणिओ.

( પાદરાકર )

૧

મહારાણી વિકટોરીઆ નાની ઉમરમાં એક વખત યાત્રાર્થે ગયાં હતાં. ત્યાં બજારમાં ખરીદી કરતાં કરતાં એક વગાડવાની પેટી ખરીદવાની તેમની ઈચ્છા થઇ. પોતાની ઇચ્છાનુસાર તેમણે એક પેટી પસંદ કરી ઉંચકી એટલામાં દાસીએ કહ્યું કે—સાથે આણેલા પૈસા પુરા થયા છે.

દુકાનદારે આ સાંભળી કહ્યું " કંઈ હરકત નહીં. પેટી આપ લઇ જાવ પૈસા કયાં જવાના છે. "

મહારાણી સાહેબને આ વાત રૂચી નહીં. પૈસા ઉધાર કરી જણસ ખરીદવા કરતાં તેના શીવાય ચલાવી લેવું તેમને વધુ ઠીક લાગવાથી તે પેટીનો મોહ તોડી નાંખી ઘેર ચાલી આવ્યાં.

૨

વિકટોરીઆ રાણી મોટાં થયાં ત્યાંસુધી ઇંગ્લેંડની ગાદી પર આપણો હક છે એ એમને ખબર ન હતી. એક દીવસે તેમની માતુશ્રીએ રાજવંશની વંશાવલી બનાવી લાવવા કહ્યું. વંશાવલી બનાવતાં વિકટોરીઆના મનમાં તર્ક આવ્યો કે ચોથા વિલ્યમ પછી ગાદીનો હક આપણો જ હોવો જોઇએ. એમ ધારી માતુશ્રીને તે બાબતે પૂછ્યું કે " મા—વિલ્યમ કાકા પછી ગાદીપર કોનો હક્ક છે ! માએ કહ્યું– તુંજ વિચાર કરી કહે જોઇએ ?

વિકટોરીઆ બોલ્યાં વંશાવળી પ્રમાણે મહારો હક્ક હોય એમ જણાય છે.

" માતાએ કહ્યું " બરોબર કહ્યું, બાળ ! તુંજ હવે ઇંગ્લેંડની રાણી થવાની.

આ સાંભળી રાણિ સાહેબનો કંઠ બેસીગયો ને તે બોલ્યાં—

" એમ હશે તો હું સારી થવાનો યત્ન કરીશ. "

૩

રાજ્યાભિષેક સમયે વિકટોરીઆ રાણીની વૃત્તિ શાંત અને ગંભિર હતી. તે વડિલ માણુસો સાથે પૂર્વ પ્રમાણેજ નમ્રપણે વર્ત્યાં. તેમનાં વૃદ્ધ વડિલ ડયુક ઓફ સકસ વૃદ્ધને અશક્ત હતાં. રીત પ્રમાણે તે પ્રતિજ્ઞા લેવા આવ્યાં ને ઘુટણીએ પડવા લાગ્યાં. તે વખતે તેમ ન કરવા દેતાં તેને ચુંબન લઇને મહારાણી બોલ્યાં " તમો ઘુટણીએ પડતા ના હું તમારી પૂર્વનીજ વિકટોરીઆ છું. "

( કિર્તી ધન કે પદવીનો સ્હેજ વધારો થતાં અભિમાનને શીખરે પહોંચી વડીલો પ્રત્યેનો વિનય વિવેક ફેંકી દેનારને અર્પણ )

૪

મહારાણી વિકટોરીઆ તથા પ્રિન્સ આલબર્ટ એમનું લગ્ન થયા બાદ એક દીવસ આપસમાં કંઇક પ્રણય કલહ થયો ને પ્રિન્સ આલબર્ટ પોતાની ઓલીમાં જઈ અંદરથી બારણું વાસી બેઠા. મહારાણી પ્રથમ કંઇ બોલ્યાં નહીં. એક કલાક જવાબાદ ઓરી નજદીક ગયાં ને બારણું ખખડાવી બોલ્યાં " આલ્બર્ટ જરા બહાર આવો ?

" આલ્બર્ટે અંદરથીજ ગુસ્સે થઇ જવાબ આપ્યો. " હમણાં હું આવતો નથી. મને જવા દો મને એકલાનેજ રહેવા દો. ત્રાસ ન આપો. "

મહારાણી આ સાંભળી ગુસ્સે થઇ આવેશમાં બોલ્યાં " કહ્યા પ્રમાણે એકદમ બહાર આવો. તમો ઇંગ્લેંડની રાણીના પ્રગજનછો ને રાણી તમોને એકદમ બહાર આવવાની આજ્ઞા કરે છે."

પ્રિન્સ આલ્બર્ટ એકદમ બહાર આવ્યા ને રાણીની બતાવેલી ઓરડીમાં જઇ બેઠા. કેટલાક વખત સુધી કોઈ બોલ્યું નહીં. છેવટે રાણી બોલ્યાં. " આલ્બર્ટ મહારી સાથે બોલો."

પ્રિન્સ આલ્બર્ટે સંતાપીને પૂછયું " રાણી મને બોલવાની આજ્ઞા કરે છે કે ? "

સજળ નેત્રે પોતાનો કોમળ કર આલ્બર્ટના ગળાની આસપાસ નાખી રાણી બોલ્યાં " નહીં પ્રિય તમારી પત્નિ નમ્રપણે વિનંતિ કરે છે. "

૫

ઇ. સ. ૧૮૮૯ ની સાલે ૭૯ નંબરની ટોર્પીડો બોટપર રાજકુમાર જોર્જને મુખ્ય અધિકારી નીમ્યા હતા ને તે ટોર્પીડો લઇને સ્પીટહેડ તાકીદે જવાની તેમના અધિકારી તરફથી આજ્ઞા મલી હતી. આ વખતે " ગુડવુડ " શરતો જોવા પોતાની સાથે આવવાને તેમના માબાપે તેમને બોલાવ્યા હતા. આ સાંભળી રાજકુમાર બોલ્યા. " શરતો જોવા બોલાવે છે પણ મારી આગબોટનું શું ?

એડમીરલે કહ્યું. " તે સંબંધી બીજી વ્યવસ્થા થશે. રાજકુમારને તે ગમ્યું નહીં. કામ કાજ છોડી મજા જોવા જવાની સલાહ તેમને રૂચી નહી. તે બોલ્યા. " હુકમ પ્રમાણે આગબોટ લઇને મહારે સ્પીટહેડ જવુંજ જોઇએ.

૬

સાતમા એડવર્ડ બાદશાહ અને અલેકઝાંડ્રા રાણી એમના લગ્નનો વાર નિશ્ચય થવા પહેલાં એક રમુજી બીના બની હતી.

રાજકન્યા અલેકઝાંડ્રા એક વખત ડેનમાર્કથી વડીલો સાથે મહારાણી વિક્ટોરીઆને મળવા આવ્યાં હતાં. એક દીવસ " શેકસપીયર "નું પુસ્તક હાથમાં લઇ બાગમાં ફરતાં હતાં તેવામાં યુવરાજ એડવર્ડ ફરતા ફરતા ત્યાં આવી ચઢયા. ડેનમાર્કની રાજકન્યાના હાથમાં શેકસપીયરનો ગ્રંથ જોઇ યુવરાજને આનંદ થયો. શેકશપીયર એ ઇંગ્લેંડનો રાષ્ટ્રીય કવિ હોઇને તેના ગ્રંથ યુવરાજને બહુજ ગમતા. યુવરાજને આનંદ થયેલો જોઇ રાજકન્યા બોલી. " મને શેકસપીયરના ગ્રંથ ગમે છે. ફુરસદના વખતે હું તેના ગ્રંથો વાંચુછું.

યુવરાજ બોલ્યા. " તમો હમણાં વાંચતાં હો તો હું સાંભળતો બેસુ છું. શેકસપીયરના નાટકોનું શ્રવણ કરવું એના જેવી બીજી કઇ આનંદની વાત ? "

રાજકુમારીએ લાજતાં લાજતાં વાંચવાની શરૂઆત કરી. તે જેમ જેમ આગળ વાંચવા લાગ્યાં તેમ તેમ તેમનો અવાજ ખુલવા લાગ્યો ને શેકસપીયરના રહસ્યનું દિગ્દર્શન તેમના વાંચનમાં થવા લાગ્યું ને યુવરાજ તેમાં લીન થવા લાગ્યા. વાંચવાનું પુરૂ થયા બાદ યુવરાજ બોલ્યા " આવું શેકશપીયરનું રસીલું વાંચન રોજ સાંભળવા મળે તો કેવી બાહાર ?

રાજકુમારી વિનોદમાં બોલ્યાં " હું દરરોજ વાંચી બતાવું પણ તે બદલ મને માગ્યો મોં બદલો મળે તોજ."

યુવરાજ હસતો હસતો બોલ્યો. "તમોને મોં બદલો કોણ આપી શકે ? તમો ઘણોજ મોટો મોં બદલો માંગશો.

રાજકુમારી બોલ્યાં " એટલી જબરી કીંમત કાંઇ હું માગનાર નથી. મને માત્ર પ્રથમ પચીશ સીલીંગ આપશો તો જન્મભર વાંચવાનું કામ હું કરીશ.

યુવરાજ આશ્ચર્યથી બોલ્યા "પચીશ શિલિંગ ? જોજો હોં ફસી પડશો."

રાજકુમારી સ્મીત ભર્યે મુખડે બોલ્યાં "પચીશ સીલીંગ એટલે સોવરીન ( રાજા ) અને ક્રાઉન (રાજ મુકુટ) મને મળશે એટલે હું ફસીશ કેમ ?

રાજકુમારીનું આ ચાતુર્યયુક્ત ભાષણ સાંભળી રાજકુમાર મોહિત થયા ને તેમણે રાજકુમારીના હાથની એકદમ માંગણી કરી. આ સંબંધ બધાંને ઇષ્ટજ હોવાથી સર્વેએ અનુમતી આપી—તેમનાં લગ્ન થયાં. તેજ હાલનાં મહારાણી માતા એલેક્ઝાંડ્રા છે.

---

# हास्य मंजूषा.

## (પાદરાકર)

બાપ—બેટા તને કોણે ઉત્પન્ન કર્યો વારૂ ?

દીકરો—પ્રભુએ બાપા.

બાપ—શા માટે વારૂ ?

દીકરો—તમારો મારખાવાને ઠપકો સાંભળવા !

ભાષણનો આરંભ કરતાં પહેલાં શીરસ્તા મુજબ અધ્યક્ષ વિનયથી બોલ્યા " આપે આપેલા બહુમાનને પાત્ર હું મુદ્દલ નથી—"

આ સાંભળીને એક ઉચ્છૃંખલ શ્રોતા મોટેથી બોલ્યો—" અમોને તે ખબર છે પણ તમારાં "ધોળાં" તરફ જોઇને જ તમને અધ્યક્ષ સ્થાન આપ્યું છે.

ગ્રાહક—શેઠજી આ ટોપી કેટલા દીવસ ટકશે ?

દુકાનદાર—આ કે ? ફાટશે ત્યાં સુધી

એક—કેમ સાહેબ ! આપ અનાથઆશ્રમમાં શું આપશો.

બીજો—મહારાં બધાં છોકરાં.

એક—મહારા પોષાકમાં ખરાબ ને ચમત્કારી કશું દેખાય છે ?

બીજો—આપનું ડોકું !

જજ—(આરોપીને) કેમરે હવે તો તું તારો ગુનોહ કબુલ કરે છે ને ?

આરોપી—ના સાહેબ ! મહારા વકીલના ભાષણ ઉપરથી મહારા નિર્દોષપણાની મને ખાત્રી થાય છે.

એક—પ્રત્યેક કવિ મૂર્ખ માણસ હોય છે.

બીજો—તે હું કબુલ કરૂંછું પણ પ્રત્યેક માણસ કંઇ કવિ હોતો નથી. તે આપણે કબુલ કરવું જ પડશે.

વડીલ—( ગુસ્સામાં ) અલ્યા ! તારી આંખો તે હવે ઉઘડશે ક્યારે ? હવે મ્હારા ઘડપણમાં—

બાળ—(વચમાંજ) તમારી મીચાશે ત્યારે બાપા.

રેલવેના થર્ડકલાસના ડબામાં ઘણા માણુસો ભરાવાથી તેમાં બેઠેલો એક માણસ ગુસ્સે થઇને ઉઠી ગાર્ડને કહેવા દોડયો ને કહ્યું કે સાહેબ ગાડીમાં દશજ માણુસ બેસવાનો કાયદો છે તો બીજા માણસોએ—

ગાર્ડ વચ્ચેજ બોલ્યો—"ઉભા રહેવું"

દોઢ ચતુર ઉતારૂ તપશ્ચર્યા કરે છે.

નાટકનો મેનેજર—કેમ સાહેબ હમારા નાટકનો કયો ભાગ તમોને વધુ પસંદ પડયો ?

પ્રેક્ષક—જે વખતે પડદો પડી દશ મીનીટ છુટી પડી તે ભાગ.

મેનેજર—ચુપ.

વિસીમાં રહેનાર ગ્રહસ્થ—શું કહેછે ! સાત વાગ્યા ? મ્હારી આંખમાં હજી એટલી ઉંઘ છે કે તે હજી ઉઘડતી સુદ્ધાંત નથી.

વીસીવાળો—સાહેબ ગયા મહીનાનું આપનું આ બીલ આપની આંખો તુરત ઉઘાડશે.

ડાકટર—હવે તમારે થોડા દીવસ તદન હલકો ખોરાક ખાવો જોઇએ.

રોગી—આપનું 'બીલ' મને મળ્યું ત્યારથી જ મને તેમ લાગે છે સાહેબ !

ગુસ્સે થયેલો ગ્રહસ્થ—બહુ મજાની એડીટરસીપ કરો છો. આ હું જીવતો જાગતો બેઠોછું ને ગયા અંકમાં "હું મરી ગયો છું" એમ છાપ્યું છે તેનો અર્થ શો વારૂં ?

એડિટર—મને ઘણું ખોટું લાગે છે. અમારા રીપોર્ટરની ભુલ થઇ—

ગ્રહસ્થ—અરે પણ મને કેટલો ત્રાસ થવાનો ?

એડટર—ત્યારે આવતી કાલના અંકમાં "જન્મ" એમ મથાળા નીચે આપનું નામ છાપીશું ? બસ ! હવે તો કંઇ તકરાર રહી નથી ને !

એક પ્રસિદ્ધ નાટક કંપનીનો "ચાલીસ ચોર" નામનો ખેલ જોવા એક ગામડીયો ગયો હતો. ખેલમાં ગર્દી ઘણીજ હોવાથી ટીકીટમારતર પાસે બે રૂપીઆથી નીચે વર્ગની ટીકીટ નહોતી તેથી ટીકીટના બે રૂપીઆ તેની પાસે માગ્યા.

ગામડીયો બોલ્યો "શું કહ્યું ? ચાલીસ ચોર જોવાના બે રૂપીઆ ? ત્યારે આપણે બાકીના ૩૯ ચોર જોવા નથી બાપા.

એક લેખક કહે છે કે પતિ પત્નિનું જોડું કાતર સરખું છે. તે સદોદિત એકમેકથી વિરૂદ્ધ જાય છે છતાં એકમેકથી વેગળે જતાં નથી અને આ બે વચ્ચે કોઇ માથું મારવા પ્રયત્ન કરે છે તો માત્ર કાતર તેના સો તુકડા કરી નાંખે છે.

# सुविचार निर्झर.

## (પાદરાકર)

" અરણ્યમાં સ્વેચ્છાથી ફરનાર પશુ—પક્ષિને પાંજરામાં કેદ પુરવાથી તે અત્યંત ઉદાસ ને ખિન્ન જણાશે, તેજ મુજબ, સત્ય સદાચાર જ્ઞાનાભ્યાસ આદિ સ્વચ્છ હવામાં ફરનાર આત્માને કુકર્મના પાંજરામાં પુરશો તો તેની આંતરીક ખીન્નતાનો કંઇ પાર રહેશે કે ?

* * * *

કેવળ જગત સારૂં કહે તેટલાજ ઉદ્દેશથી તમો અનેક ઉદ્યોગ કરતા હોતો તો તમારૂં આયુષ્ય ફોકટ જશે. ફક્ત તમારા પોતાનાજ સુખ માટે તમારી કાર્યતાપરતી હશે તોતો અધમ રીતે આયુષ્ય ગયું ગણાશે પણ જગતના પરોપકારાર્થે નિર્લોભ વૃત્તિથીજ ગાળેલી દરેક પળ ફળદ્રુપ છે એમ નક્કી સમજો.

* * * *

આપણું ખરૂં કર્તવ્ય શું છે એ સમજવું એનું નામ શાણપણ ને તે કર્તવ્ય નિષ્કામ બુદ્ધિથી બજાવવું તેનું નામ સદ્ગુણ.

* * * *

" અમુક કામ કરવું ઉત્તમ છે એમ મને લાગે છે પણ શું કરૂં ? મ્હારી પરિસ્થિતિ અનુકુળ નથી." એમ બોલનાર હજારો મલશે. પણ પ્રતિકુળ પરિસ્થિતી સામે થઇ મનુષ્યજીવનનું પૂર્ણત્વ પ્રાપ્ત કરવામાંજ મહત્તા સમાઇ છે. કારણ સર્વસ્વરીત્યા અનુકુળ પરિસ્થિતીમાં રમીને એક પણ સાધુ અગર તત્વવેત્તા નિર્માણ થયો નથી.

* * * *

ઘણો વખત અંધકારમાં પડી રહેલું સો ટચનું સોનું પણ નિસ્તેજ દેખાય છે. તેમ મનુષ્યના અંગમાં ગમે તેટલા ઉત્તમ ગુણો હોય પણ પરોપકારાર્થ તેનો ઉપયોગ ન થાય ત્યાં સુધી તે નીસ્તેજ રહે છે.

* * * *

" મોટા ઉદાર મહાન્ પુરૂષો ઘણી વખત ઉદાસને દુ:ખી કેમ દેખાય છે ?" એમ કોઇએ એરીસ્ટોટલને પૂછતાં તેણે કહ્યું કે " તેમનાં અંત:કરણ શુદ્ધ આરસા જેવાં નિર્મળ હોવાથી જગતના દુ:ખી પ્રાણીઓનાં પ્રતિબિંબ તેમાં જણાય છે તેથી !

* * * *

આપણે સ્વત: પૂર્ણ નિર્દોષ થવાબાદ લોકોના દોષ દેખાડવાનો અધિકાર આપણને પ્રાપ્ત થાય છે.

* * * *

કેવળ નામ પ્રસિદ્ધિનીજ માળા જપવા કરતાં કંઇક કર્તવ્ય કરી દેખાડવું કે જેથી સ્વયમેવ પ્રસિદ્ધિ થશે કારણ કે સાંપ્રત સમયના લોકો કર્તવ્યને જોતાં શીખ્યા છે.

* * * *

ખરેખરા ક્રોધની અણી ઉપર જે ક્ષણે તમો આવી ગયા હો. તેજ ક્ષણે એ ક્રોધનું

પ્રેમમાં રૂપાંતર કરી નાંખો એથી તમે શત્રુને મિત્રના રૂપમાં પલટી શકશો અને તમારા પોતાના માનસિક સામર્થ્યનો અત્યંત સંચય ને વધારો કરશો.

* * * *

તમારૂં મન એક બગીચો છે. જ્યારે જ્યારે તમે દોષ, પાપ વ્યાધી, નિષ્ફળતા અથવ ઉપાધિનું ચિંતવન કરો છો ત્યારે ત્યારે તમે તેવી જાતનાં ઝાંખરાંને તે બગીચામાં ઉગાડો છો ઉગેલાને પોષોછો અને તેનાં કટુફલ સત્વર આણવા પ્રયત્ન કરો છો.

---

# कर्मनो नियम.

As a man soweth, so he reapeth.
Man is the master of his own desting.

કર્મ એ શું છે ! એ આપણા આર્યવર્તમાં સર્વ કોઇ સમજે છે. કરીશું તેવું પામીશું અથવા વાવીશું તેવું લણીશું, એમ પણ સર્વ કોઇ જણાવે છે. આપણી હાલની સ્થિતિ ગમે તેવી નહિ ઇચ્છવા યોગ્ય હોય, તોપણ તે સ્થિતિના બનાવનાર આપણે પોતે છીએ; તો પછી તે સ્થિતિમાં ફેરફાર કરી સારા સંજોગોમાં આવવું તે પણ આપણે સ્વાધીન છે. બીજા શબ્દોમાં કહીએતો આપણી હાલની સ્થિતિ ભૂત કાળના આપણા વિચારો, કાર્યો અને ઇચ્છાઓનું પરિણામ છે પણ ભવિષ્ય કાળનો આધાર આપણી વર્તમાન સ્થિતિ પર છે. જો આ સિદ્ધાંત સત્ય હોય તો મનુષ્ય પોતાના ભવિષ્યનો નિયંતા ઠરે છે.

આપણે એમ જણાવીએ છીએ કે મિથ્યાત્વ, કષાય, અવિરતિ, પ્રમાદ અને યોગથી કર્મ બંધાય છે, અને તેને લગતા સૂત્રોને વર્તનમાં મૂકવાનો સમય આવ્યો ત્યાં તે સૂત્રોને અને આપણને કાંઇ પણ લાગતું વળગતું ન હોય તેમ આપણે વર્તીએ છીએ. આ શું સૂચવે છે ! તે જણાવે છે કે આપણને તે સૂત્રોમાં શ્રદ્ધા નથી. ખરૂં કહું છું કે શ્રદ્ધા નથી ! જો શ્રદ્ધા હોય તો આપણું જીવન આદર્શમય થવું જોઇએ. આપણે તે નિયમને હૃદયથી અંતઃકરણથી ખરો માનતા હોઇએ તો શું કોઇને છેતરીએ ! શું કોઇનું ધન અદદાનતથી પડાવી લેવા ઇચ્છીએ ! શું કોઇ પણ પ્રકારનું પાપ કર્મ કરીએ ! એક બાળક કે જેને શ્રદ્ધા થઇ છે કે અગ્નિ બાળે છે. શું તે કદાપિ અગ્નિ સ્પર્શ કરશે ! કદાપિ નહિ. પણ આપણે આ બાબતમાં બાળક કરતાં પણ હલકા સ્થિતિના છીએ. આપણે મોટું અભિમાન ધરનારા છીએ અમારા સિદ્ધાંતો ઉચ્ચ છે, અને ખરા છે, એટલું કહેવાથી બસ નથી તમારે તદનુસાર વર્તવાને પ્રયત્ન સેવવો જોઇએ.

આ નિયમ જે બરાબર જાણતો હોય તેનામાં અત્યંત બળ હોવું જોઇએ કારણ કે નિયમ અચળ છે. આ નિયમ કદી કોઇને ઠગતો નથી. જો તમે તેના ઉપર વિશ્વાસ રાખો તો કદી તે તમારો વિશ્વાસઘાત કરશે નહિ. 'હાઇડ્રો જન' અને ઓક્સીજન નામના બે વાયુને ભેળવે તો તેમાંથી પાણી અવશ્ય ઉત્પન્ન થાય છે અને જો કોઇવાર તે પરિણામ ન આવે તો નિયમમાં ભૂલ ગણાતી નથી, પણ તે પ્રયોગ કરનારની સ્થીતિમાં કાંઇ ભૂલ હોવી જોઇએ. તે રીતે અમુક રીતે વર્તો એમ શાસ્ત્રકારો કહે છે. શાસ્ત્રના રચનારા મહા પુરૂષો આ અધ્યાત્મ નિયમના અનુભવી સાયન્ટીસ્ટો છે. તેમના વચન ઉપર શ્રદ્ધારાખી તમે વર્તો

અને અવશ્ય તેમણે જણાવેલું પરિણામ આવશે. પરિણામ આવતાં વાર પણ લાગે, આવતા ભવમાં પણ આવે, પણ અમુક ક્રિયાનું અમુક ફળ આવવુંજ જોઇએ, એ નિયમમાં તેથી જરા માત્ર પણ ફેર પડતો નથી માટે જે કર્મના નિયમને માને છે, તે અવિચળ નિયમને માને છે, અને તેથી તે નિયમપર દૃઢ શ્રદ્ધા રાખી બળવાન બને છે.

કર્મના નિયમને માનનાર **સહનશીલ** હોવા જોઇએ. તે જાણે છે કે **अपराधेषु गुणेषु च निमित्त मात्रः परो भवति** અપરાધમાં અથવા ગુણમાં બીજાતો નિમિત્ત માત્ર છે. તમને લાભ કરવામાં કે નુકશાન કરવામાં બીજાઓતો નિમિત્ત કારણ રૂપે ઘણો નજીવો ભાગ ભજવે છે, પણ ખરૂં ઉપાદાન કારણ તો તમે પોતે છો. માટે જે જે દુઃખદ પ્રસંગો માથે આવી પડે છે, તે તે **સમભાવથી** અને **સહનશીલતાથી** તે ભોગવે છે. તે જાણે છે કે જેણે ઘા માર્યા નથી, તેને ઘા કદાપિ **સહન** કરવા પડશે નહિ, અને મારેલા ઘા ના ફળમાંથી તે કરોડો યુક્તિઓ કરતાં પણ છૂટી શકે તેમ નથી. માટે આ નિયમ ને જાણનાર જો કે હાથ જોડી બેસી ન રહેતાં પ્રતિકૂળ સંયોગોના સામો પોતાના સબળા પુરૂષાર્થથી થાય છે, છતાં જ્યાં પ્રતિકૂળ સંયોગોનું બળ અનિવાર્ય લાગે છે, ત્યાં તેમને પૂર્વભવ કૃત કર્મોના પરિણામ ગણી સમભાવથી તે સહે છે. આ નિયમમાં જાણનાર ઘણોજ ઉત્સાહી હોય છે. તે જાણે છે કે તેને માથે આવેલી પીડાઓ ઘણા જૂજ સમયમાં ચાલી જશે, પણ ભવિષ્ય–ઉજ્જવળ ભવિષ્યતો તેના પોતાના હાથમાં છે, કારણ કે હાલમાં જે બીજા સારા–શુભ વિચારો શુભ કાર્યો અને શુભ વચનો–તે વાવે છે, તેનું સારૂં ફળ ચોકસ આવશેજ આવશે. માટે તે કદાપિ હિમત હારી જતો નથી, પણ સર્વદા ઉત્સાહ વાળો રહે છે.

કાળ અનંત છે, તો પછી થોડાં વર્ષ દુઃખમાં જાય તો શું થઇ ગયું ? અને દુઃખ પણ અમુક સદ્‌ગુણો આપણને શિખવે છે. દુઃખ ભોગવવાને વાસ્તે આપણે લાયક છીએ, માટે તે આવે છે, તેમજ તેવા દુઃખની આપણી ઉન્નતિ સારૂ જરૂર છે, માટે તે આવે છે. આપણે પૂર્વ ભવોમાં જે કર્મો કરેલાં તેના ફળ તરીકે દુઃખ આવે છે, માટે તે ભોગવવાને આપણે લાયક છીએ, વળી તે દુઃખ એવા રૂપમાં આવે છે કે જો આપણે તેનો લાભ લેઇએ તો જરૂર તે આપણને ઉપયોગી થયા વિના રહેશે નહિ.

જે અડચણો આવવાથી આપણામાં ધીરજ, સહન શીલતા, સહાનુભૂતિ વગેરે અનેક સદ્‌ગુણો ખીલે છે; વળી વિચાર કરનારને તે દુઃખનું કારણ પણ જણાય છે, અને આ રીતે ફરીથી તેવા કારણોને ઉત્પન્ન કરતો તે અટકે છે.

મહાન્ પુરૂષોનાં જીવન ચરિત્રો વાંચો તો તમને જણાશે કે તે દરેકને માથે દુઃખ પડેલાં છે. દુઃખના પ્રસંગોમાં ધૈર્ય, ઉદારતા, મહત્ત્વતાબતાવીનેજ તેઓ મહાપુરૂષના પદને લાયક બન્યા છે. મહાન્ પુરૂષો કર્મની ઉદીરણા કરે છે, એટલે જે કર્મ સત્તામાં હતું તેને ઉદયમાં લાવી ટુંક વખતમાં ભોગવી લે છે, અને આ રીતે તેઓ પારમાર્થનાં કામ કરવાને વિશેષ લાયક બને છે. જ્યાં બીજા સામાન્ય મનુષ્યો બ્હીતે બ્હીતે પગ મૂકે છે, તેવા સ્થાનમાં આ પુરૂષો પ્રૌઢતાથી ચાલે છે, કારણ કે તેઓને જ્ઞાન છે, અને જ્ઞાન એજ પરમબલ છે. દરેક વસ્તુ પ્રાપ્ત કરવાને તેને અનુકૂળ સાધનોનો આશ્રય લેવો જોઇએ. મનુષ્ય નીતિમાન્ હોય પણ વધારે ખાય તો તેથી તેની નીતિ તેના શરીરમાં અજીર્ણ થતું અટકાવી શકતી નથી. અજીર્ણ બંધ કરવાને તેણે નિયમિત અને પચે તેટલોજ ખોરાક ખાવો જોઇએ.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે જે વસ્તુ પ્રાપ્ત કરવી હોય તેને અનુકૂળ સાધનો અંગીકાર કરવાં જોઇએ.

આ ભવમાં તમને જ્ઞાન બહુ ઓછું મળેલું છે. તમે જ્ઞાન મેળવવાના અભિલાષી છો. તો જ્ઞાન તમને પ્રાપ્ત થાય તે સારૂ બને તેટલો ભણવાનો—જાણવાનો પ્રયાસ કરો; તમારી ભણવાની શક્તિ બિલકુલ ન હોય તો જે ભણતા હોય તેમને તમારા ધનથી મદદ કરો; તેમના વિદ્યાભ્યાસમાં ઉપયોગી લાગે તેવાં સાધનો પુરાં પાડો; બોર્ડીંગ જેવાં વિદ્યાને વધારનારાં સાધનોને મદદ આપો. જ્ઞાનીઓની તનથી સેવા કરો. તન અને ધનથી પણ તમે સેવા કરી શકો તેવી સ્થિતિમાં ન હો તો જ્ઞાનીઓને દેખી, વિદ્વાનોને દેખી, પ્રમોદભાવ ધારણ કરો. તેમનાં કાર્યોની અનુમોદના કરો. આ રીતે તમે જ્ઞાન પ્રાપ્ત કરી શકશો. પૂર્વભવનાં કેટલાંક કર્મો લેઇને આ ભવમાં તમને જ્ઞાન ન મળ્યું હોય તોપણ ઉપર પ્રમાણે તમે વર્તશો તો જરૂર જ્ઞાનને આડે આવનારાં કર્મો નાશ પામશે અને તમને જ્ઞાન મળી શકે તેવા સંયોગોમાં સારી બુદ્ધિ અને મન સાથે બીજા ભવમાં જન્મ લેશો. આ બાબતમાં જરા પણ શંકા કરવાનું કારણ નથી. કારણ કે નિયમ ચોકસ છે.

જો તમારે ધન મેળવવાની ઇચ્છા હોય તો તમારી શક્તિના પ્રમાણમાં બીજાઓને દાનમાં કાંઇ આપો. તમારા વ્યવહારમાં ન્યાય નીતિથી વર્તો. લેવડ દેવડમાં ચોકખાઇ રાખો. જો તમારી દાન આપવાની શક્તિ ન હોય તો જેઓ દાન આપતા હોય તેમને જોઇ રાજી થાઓ. તેમના ગુણની અનુમોદના કરો. આથી લાભાન્તરાય કર્મનો નાશ થશે, અને આ ભવમાં પણ તમે દાન મેળવી શકશો. અને કદાચ પૂર્વના નિકાચીત કર્મથી આ ભવમાં તમને વિશેષ ધન પ્રાપ્ત ન થાય તો તેથી ચિંતા કરશો નહિ. તમારી શુભ ભાવનાથી અને દાન દેવાની બુદ્ધિથી આવતા ભવમાં તમે કોઇ ધનવાન પિતાને ત્યાં અવતરશો. અહીં પણ નિયમ પર શ્રદ્ધા રાખો. કારણ કે કર્મનો નિયમ કોઇને ઠગતો નથી. જો તમારે સદ્ગુણો મેળવવા હોય તો પ્રાતઃકાળમાં એક સદ્ગુણ લેઇ તેનું ધ્યાન કરો. તેના લાભ વિચારો તેથી ઉપજતો આનંદ કલ્પો. મહાન્ પુરૂષોએ તે ગુણ પોતાના જીવનવ્યવહારમાં કેવી રીતે યોજ્યો હતો તેનો ખ્યાલ કરો અને તમારા સંપૂર્ણ મનથી તેનું ધ્યાન કરો. અને પછી દિવસના બીજા ભાગમાં તે સદ્ગુણને અમલમાં મૂકવા પ્રયત્ન કરો. તે સદ્ગુણને અનુભવમાં લાવવા કોશીશ કરો. રાત્રિએ આત્મનિરીક્ષણ કરો અને તમે કેટલે અંશે તે સદ્ગુણને અનુભવમાં મૂકવા સમર્થ થયા હતા તેનો વિચાર કરો, ભૂલ થવાના પ્રસંગોનું કારણ શોધી ફરીથી તેવી ભૂલ ન થવા પામે તેનો ખ્યાલ લાવો. આમ કરવાથી તે સદ્ગુણ તમારા જીવનમાં ઓતપ્રોત થઇ રહેશે. આ રીતે જૂદા જૂદા સદ્ગુણો ખીલવતા જાઓ. એટલે આ ભવમાંજ તે ખીલી જશે, અને આવતા ભવમાં તે એ સદ્ગુણો સાથે તમે જન્મશો.

જો તમારે શરીરસંપત્તિ પ્રાપ્ત કરવા ઇચ્છા હોય તો શરીરથી બ્રહ્મચર્ય પાળો. કસરત કરો, આરોગ્યવિદ્યાના નિયમોનું સેવન કરો. શરીરથી કોઇપણ જીવની હિંસા ન કરો અને આ તમારૂં શરીર બને તેટલી શક્તિથી પર સેવામાં વાપરો એટલે તમારૂં શરીર સુધરવા માંડશે, અને કદાચ પૂર્વભવના કોઈ સખ્ત કર્મથી આ ભવમાં તમારૂં શરીર નિરોગી ન પણ થાય, છતાં આ તમારા પ્રયાસથી આવતા ભવમાં તમે જરૂર નિરોગી શરીર સાથે જન્મશો.

# दिव्य पितृप्रेम.

## ચાલુવાર્તા.

( ગતાંક પૃષ્ઠ ૬૦ થી ચાલુ )

વાંચક ! આપણી ચાલુ વાર્તા—વિહાર માટે આપણે ઇ. સ. ૧૦૦૧ ની સાલના કાળમાં દોડી જવું પડશે તે વખતે આપણા સનાતન ધર્મિય ભારત વર્ષમાં ઉદ્‌ભિજ્જોએ પોતાનું પ્રાચિન વિરાટસ્વરૂપ જેવું ને તેવુંજ કાયમ રાખ્યું હતું. વર્તમાનકાલમાં જે સ્થળ સુંદર હવેલી—મંદિરોથી સુસજ્જ છે તે સ્થળે પૂર્વે નિબિડ તરૂરાજી હતી. મોટાં મોટાં વૃક્ષ—વેલડીઓથી ખીચોખીચ ભરેલાં કેટલાંક અરણ્યોમાં તો એ ઘડિ ચંડપ્રતાપિ ભાસ્કરનાં કિરણોનો પ્રવેશ થવો પણ મુશ્કેલ પડતો.

આકાશને ફાડી નાંખી ઉંચે જવા ઇચ્છનાર, પોતાના લંબાવેલા હાથથી કંટકવલ્લીઓને ઘટ્ટ ભિડ મારી, ત્રણત્રણ કોશ પર્યંત લંબાયલો વિસ્તીર્ણ ને રકતકુસુમપુરિત વૃક્ષસંઘ આંબાના હાલના કરતાં ત્રણ ઘણા વિસ્તારવાળા વૃક્ષો ચસ્લાં પણ એક જગ્યાથી બીજી જગ્યાએ ન જઇ શકે તેવિ નિબિડતા લાખો ખડખડ પાંચમ ઝાડવાં, તેને સંભાળીને એટલે પિતૃપ્રતિપાલન કરીને—નુતન તરૂરૂપી પ્રિય પતિને સપ્રેમ આલીંગન દેનારી નાની મોટી અસંખ્ય વેલડીઓ અને સુંદર લતાઓના સમુહથી ભયાનક દેખાતા, વિંધ્યાદ્રિની ઉત્તરે આવી રહેલા વિશાળ અરણ્યમાં, ચિતોડના પરાક્રમી વૃદ્ધ મહારાણા અમરરાય પોતાના તેજસિંહ નામના ચૌદ વર્ષના યુવરાજ તથા સૈન્ય સહવર્તમાન શિકાર કરવા સારૂ આવેલા હતા.

પ્રાતઃકાળનો સમય હોવા છતાં પણ આ વનમાં તો રાત્રિનુંજ સામ્રાજ્ય જાણે ચાલતું ન હોય તેમ જણાતું હતું. તેમાં સિંહ, વ્યાઘ્ર—વરાહ આદિ હિંસક પશુઓ નિરંકુશરીત્યા રખડતાં—ઉન્મત્ત થઇ જઇ મનુષ્ય પશુઓનો કચ્ચરઘાણ કહાડતાં હતાં. દિવસે પણ મનુષ્યો પર હલ્લો કરવા તેઓ ચુકતાં નહિ. અરણ્યની આસપાસ આવી રહેલાં ગામોમાં લોકો બહાર પણ નીકળી શકતાં નહિં. આવા સંકટમાંથી પોતાની પ્રજાને નિર્ભય કરવામાટે મહારાણા અમરરાય આજ તે હિંસક—ત્રાસદાયક પશુઓની ખબર લેવા—શીકાર કરવા સારૂ આ અરણ્યમાં આવ્યા હતા. યુવરાજ તથા મહારાણા હાથી પર અંબાડીમાં તથા બીજું-સૈન્ય ઘોડાપર તો કોઇ પગે ચાલતા એમ આ શીકારી ટોળકી ઝાડપાન તોડતી બનતી રીતે માર્ગ સુલભ કરતા જતા હતા.

આજ પ્રાતઃકાળથીજ આક્રુર પશુસંહારક યજ્ઞનું મંડાણ જોશભેર ચાલ્યું હતું. રાણાને આજ આ પશુઓ પર ઘણોજ ક્રોધ આવ્યો હતો. તે આવેશમાંજ ભાન ન રહેતાં—રાણા—યુવરાજને બીજા ત્રણ ચાર સ્વાર તે નિબિડ તથા ભયંકર અરણ્યના મધ્ય ભાગમાં આવી પહોંચ્યા. શ્રમથી સર્વેના શરીર તરબોળ થઇ ગયાં હતાં. સાથેના ચારે સ્વાર અત્યંત શ્રમીત થયા હતા. ઘોડાના મુખમાં ફીણના ફીસોટે ફીસોટા બહાર નીકળતા હતા ને સર્વેને વિશ્રાંતી મલે તો સારૂ એમ ઇચ્છા થતી હતી. પણ અરે ! શિકારીને વિશ્રાંતી ! ને તે પણ આવા ઘોર—ભિષણ અરણ્યમાં ? ના—ના તેમને માટે વિશ્રાંતિ નિર્માણજ નહોતી. હા !

કેટલાકને ચિર વિશ્રાંતી મળે ખરી !

વિશ્રાંતિના ખ્યાલમાં સર્વે મશગુલ છે તેટલામાં તો ચારે બાજુથી ક્રુર જાનવરોની ભિષણ ગર્જના સંભળાવા લાગી. આ નાનું મંડળ પોતાનાં શસ્ત્રો સજ્જ કરે તેટલામાંતો કાલસ્વરૂપી વિકાળ—પીત્તવર્ણી–જેનું મુખ રકત મિશ્રિત છે, તથા જીભ બહાર લળબળીત. થઇ રહી છે એવા ચાર બળવાન વાઘે પોતાના મજબુત જડબાં પોહળાં કરી એકદમ તેઓ- ના પર ધસારો કર્યો. તેઓની આંખોમાંથી જાણે અગ્નિ વરસતો હોય તેમ ગુસ્સે થઇ એકદમ બેફામ જણાતાં હતાં. બે વાઘે બે હાથીપર દોટ મારી. એક હાથીની સુંઢપર હલ્લો કરી મહાવતને પોતાના પંઝામાં લીધો, તેજસિંહનો હાથી તો એકદમ ગભરાયો. ચીસો પાડવા લાગ્યો. વાઘતો તેની અંબાડીમાં ઘુસવાનીજ રાહ જોવા લાગ્યો. જાણે શત્રુને કયારે જોઉં એમ થતું હતું. આ પ્રકાર જોઇ ભયનો માર્યો તેજસિંહ અંબાડીમાંજ મુર્છિત પડયો. અને આ વાઘ તેની ગરદન પર પંઝો મારનારજ—આવી ચુકયું—પણ અરે એટલામાંતો– સામેથી એક પછી એક એમ ચાર તિક્ષ્ણ બાણ વાઘના મસ્તકમાં આવી ચોંટયાં–ને તે અજ્ય–ક્રુર જાનવર ગતપ્રાણ થઇ નીચે પડયું. એક વાઘને હાથીએ પોતાની સુંઢ તથા પગો- થી ચીરીનાંખી યમ પુરીબતાવી પણ હજી બે દુર્જય વાઘ રહ્યા હતા. તેઓતો હવે અધિક આવેશમાં આવી ગયા હતા.

ઘોડા પરના સ્વારેતો એક વાઘને યમપુરિ બતાવી પોતે સ્વર્ગ ગમન કર્યું. જાણે તેને રસ્તો બતાવવા પ્રથમ પ્રયાણ ન કર્યું હોય ? માવત પણ ઠાર થયો. હવે રાજા તથા યુવ- રાજ ખરેખર ગભરાયા. બચેલા વાઘે તો હવે પ્રલયજ કરવા માંડયો હતો. એક હાથીને તેણે ઘાયલ કર્યો પણ સામેની ઝાડીમાંથી અદ્રષ્યરૂપે આવનાર બાણ તેનાથી સહન થયું નહીં.

હવે વાઘે પોતાનો મોરચો ઝાડી તરફ ફેરવ્યો, જાણે નવા દુષ્મનને આમંત્રણ કરતો હોય–તેમ ફુફાટા મારતો તે વાઘ ઝાડી ભણી વળ્યો–તેવોજ એક કવચધારી સુંદર તરૂણ પોતાનું સતત વિજયી ધનુષ્ય લઇને તેના આમંત્રણને માન આપવા સામે આવ્યો ને બાણનો એક સરખો મારો તે બલશાલી યુવકે સામે આવનાર વાઘના મસ્તકપર ચાલુ રાખ્યો ને ત્રણ તિક્ષ્ણ બાણ તેના પહોળા કરેલા મુખમાં માર્યાં. હવે વાઘના ક્રોધનો અવધિ હતો. તે અન્ય તરૂણને છોડી પુનઃ રાજાના હાથી તરફ વળી તેને વળગ્યો. ગભરાયલા રાણાને ગફલ- તમાં ગતપ્રાણ કરતાં પહેલાં તોતે તરૂણ એકદમ દોટ મુકીને તે ક્રુરપ્રાણી તરફ વળ્યો ને પોતાની કમરેથી એકદમ આભમાંથી વિજળી ચમકે તેમ ચમકતી તલવાર કાઢી વાઘને એકદમ યમપુરિનો મહેમાન બનાવ્યો. છેવટની વાઘની મૃત્યુગર્જનાથી આખુ અરણ્ય ધ્રુજી ઉઠયું.

પોતાનો તથા યુવરાજનો પ્રાણદાતા તે કવચધારી યુવકને જોઇ હવે રાણા એકદમ અંબાડીથી હેઠે ઉતર્યા—તથા બોલ્યા " શુર તરૂણ આવ ! આવ ! આગળ આવ આ ચિતોડાધિપતિ રાણા અમરરાય તને ભેટવાને ઘણોજ ઉત્સુક છે. આજ તું ન હોત તો હમારી તથા યુવરાજની ઇતિશ્રીજ થાત. "

પણ તે કવચધારી ખમચ્યો કેમ વારૂં ? સાંભળો તે કંઇ બબડે છે. "અહો ! શું આશ્ચર્ય ? પ્રત્યક્ષ મહારો શત્રુ ? ને તેનુંજ મહારા હાથે રક્ષણ થયું ? તે સ્વતઃ ભેટવા

ઇચ્છે છે. ! તેને હવે વધુ ભ્રમમાં રાખવો ઠીક નથી પણ ના તેની સાથેજ ચીતોડ જવું તથા જેતે ખુલાસો થવા દેવો. હાલ તેને ભેટવાની શી અડચણ છે વારૂ? સમરાંગણમાં શત્રુ અહિં શત્રુત્વ નથી. પણ આ કૃત્ય લિલાવતિ બાઇને રૂચશે ખરૂ ? હા ! તેવોજ તેનો ઉપદેશ છે. આમાં નિતીવિરૂદ્ધ મેં કંઇ કર્યું નથી.”

બસ થયું ! તેની વિચારમાલીકા પુરી થઇ. તે અમરરાયને ભેટયો. ટુંક વખતમાં બીજું સૈન્ય પણ ત્યાં આવી પહોંચ્યું. અમરરાય–તે યુવક–તેજસિંહ મુવેલા ચાર સ્વાર–આવેલા સ્વારો સાથે છાવણીમાં સુરક્ષિતપણે આવી પહોંચ્યા. તે કવચધારી યુવકની એક શૃંગારપૂર્ણ તંબુમાં રહેવાની યોજના કરવામાં આવી. મુવેલા સ્વારોને અગ્નિદાન કર્યું ને તેજ દીવસે શિકાર પુરો કરી બધું મંડળ લઇ રાણા ચીતોડ જવા નીકળ્યા.

*　　*　　*　　*

અભ્રરહિત–સ્વચ્છ આકાશ પોતાની નીલકાંતિનું સગર્વ પ્રદર્શન કરી રહ્યું હતું. રજની નાથ ચંદ્રમા, પોતાનું નિર્મળ સતેજ બિંબ જનસમુહના હૃદયોને આદર્શવત્ પ્રતિબિંબિત કરતો હતો, સંધ્યાના મંદમંદ પવનાઘાતથી ઉદ્યાનની સુંદર તથા નુતન તરૂરાજી કંપતી હતી, ડોલતી હતી. આવા સુંદર સમયે એક તરૂણ એક સરોવરના તિરે આવી રહેલા કુસુમ કું-જમાં બેસીને અનિમિષ લોચનથી–સરોવરની પ્રસન્ન જળલહરિઓ નીરખતો હતો. તેના હૃદયની પણ એક પ્રેમતરંગથી એવીજ અવસ્થા થઇ હતી તે દુઃખીત સ્વરથી બોલ્યો.” મ-નોદેવતા તું વિકારવશ થઇને મને કર્તવ્યવિમુખ કરે છે. ના ! દુર્દૈવ ! બીજુ શું ? ! ! મહારા શત્રુની કન્યા, હું જેનો નિઃપાત કરનાર છું, તેની–તે દુષ્ટ અમરરાયની કન્યા ! યઃક-શ્ચિત અબલા ! તે મહારા હૃદયનું હરણ કરે કેમ ? આ સીવાય મહારા નસીબની લિલા તે શું હોય વારૂ ?

લલિતા દેવિ ! નામ પણ કેવું મધુર સ્વરૂપતો જાણે સ્વર્ગની દેવિ ! અહાહા ! લ-લિત ! સુંદર લલિત! તું મહારી થઇ શકે ! પણ મહારા આ શબ્દ તેને કહે કોણ ? ! !

પણ એટલામાંજ તેને કોઇપણ ઠેકાણે મધુર ગાન રેલાતું હોય તેમ ભાસ થયો. તે આપ લહરી ! તેનું મન આકર્ષણ કરવા લાગી. તે ગાયનદેવતાના મધુર કંઠમાંથી પ્રવાહીત થતો તે સંગીતાલાપ નિસ્તબ્ધ નિશાકાળમાં પ્રતિધ્વનીત થવા લાગ્યો. ગાનાર સ્ત્રી હોઇને હવે તે તરૂણની ઘણીજ નજદીક હોવી જોઇએ જો કે તે સુંદર હતી છતાં પણ તેનું મુખ નીસ્તેજ લાગતું હતું તે ક્ષિણ સ્વરથી બોલી. “ તારાનાથ ! તને વધારે શું શું કહું ? મહારા હૃદયેશ અજીત ! તહારા અમૃત કરમાં કદી આવે તો તહારા સુધાકર કીરણોથી મને ત્યાં લે ! ”

“ લલિત તું પ્રત્યેકને પોતાના કાર્યથી વિમુખ કરે છે. તે તહારી સરખી મંત્રી નં-દિનીને શોભે કે ! નિશાપતિ ઇશ્વરે નિર્માણ કરેલું કાર્ય કરે છે તેવિજરીતે હું—”

“ કુમાર ! મને ” મંત્રિનંદીનિ કહીને આપ કેવડા ગુનાહને પાત્ર થાવ છો તે વિચારી જાવો ! ? તરૂણી વચમાંજ બોલી.

અહો ! ત્યારે શું તું રાજકન્યા છે. આ કેવી મહત્વાકાંક્ષા ! આ શબ્દો શું મ્હારી હૃદયની પ્રેમમુર્તિનાજ મુખકમળમાંથી ઝરે છે શું ? લલિત ! હું પ્રેમ ઘેલો નથી હોંકે ! હું રાજા હોઇને આ દુર્ગનો અધિપતિ છું અને તું મ્હારી અધિષ્ઠાત્રી દેવતા પણ- મંત્રીકન્યા છો આજ દશ દિવસ થયા તેજ સિંહની માંદગીના સબબે મ્હારાથી તેનો નીકાલ થયો નથી પણ હું શું કરૂં ? વિકારવશ થઇને પ્રણયાલાપ સાંભળતો બેઠો છું. ! કર્ત- વ્યવિમુખ થઇને સૌંદર્યનો દાસ બનું છું. ? ક્ષણીકસુખ માટે ફરજથી વિમુખ થઉં છું ! મને ધિક્કાર હો.

લિલાવતિ બાઇ મને શું કહેશે ! બસ મ્હારે અહુંણુંજ સિદ્ધ કરવું જોઇએ કે હું રાજા છું. અમરરાય ! મ્હા પાપી હોઇને રાજઘાતકી છે. લલિત તું કયો પક્ષ લઇશ ? બોલ ! પ્રેમવાર્તા એક બાજુ મુકી દે અને વિચાર કર ! પિતૃકાર્ય અર્થે મ્હેં માહારૂં લ- લિતમય હૃદય પ્રેમથી વિમુખ કરીને તે ઠેકાણે શત્રુમર્દન કરનાર કઠોરતાથી અધિષ્ઠિત કર્યું છે. મ્હારો પક્ષ સત્ય છે. હું તખ્તનો અધિકારી છું. અમરરાયે પોતાની દુષ્ટ વાસનાથી પદદલિત કર્યું છે. આ કૃત્યને માટે તેને યોગ્યપ્રાયશ્ચિત દેવું એજ મ્હારૂં ઇતિ કર્તવ્ય છે. બોલ તને કયો પક્ષ ગમશે. !

સૌંદર્યવતિ-પ્રેમમુર્તિ લિલા આ સવાલ સાંભળતાંજ સ્તબ્ધ થઇ ઉભી,

(ચાલુ)

**પાદરાકર.**

---

# જ્ઞાન સુગંધ

## એતો સદ્ગુરૂ છે !

" અહોહો ! તેજ ઝળહળતું, અહિંઆં આવતું કયાંથી ? "
" અહોહો ! એ મૂલુ ઝરણું, વહે આ જ્ઞાનનું કયાંથી ? "
" અમિનાં બિંદુડાં મોંઘાં, ટપકતાં જાય આ કયાંથી ? "
" દિસેના કો છતાં ગેબી, અવાજો આવતા કયાંથી ? "

*　　　*　　　*

" અહો દૈવી સુવાસોની, ઉછળતી લ્હેરીઓ કયાંથી ? "
" અનિલ અધ્યાત્મ વિદ્યાનો શીતળ સુખદા વહે કયાંથી ? "
" હૃદયને ઠારતું મીઠું મધુરૂં ગાન આ કયાંથી ? "
" અહાહા ! **સદગુરુ.** એતો, સહુ વર્ષાવતા જ્યાંથી ? "

**પાદરાકર.**

# હીરસૌભાગ્ય મહાકાવ્ય.

( અનુવાદક–વકીલ–કેશવલાલ પ્રેમચંદ બી. એ. એલ. એલ. બી. )

( અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૬૪ થી. )

(પ્રભુના ) ચરણકમળની રજરૂપી અમૃત વડે પોતાની ખારાશ તથા ચંદ્રનું કલંક દૂર કરાવવાને માટે ઉત્કંઠિત થયેલો સમુદ્ર બે વાર ભરતીના બહાને શ્રી સ્થંભનપાર્શ્વનાથને નમવાનેજ જાણે આવતો હોયની શું. ૪૫

વળી પૂર્વ દેશમાં જેમ જિનેશ્વરના કલ્યાણુક સ્થાનો શોભે છે તેમ ( ગુજરાતમાં ) તીર્થંકરો ની પ્રતિમાઓથી પાવન થયેલા બીજા હજારો તીર્થો ઘણાં શોભે છે. ૪૬

નવા જન્મેલા હીરકુમારરૂપી ચંદ્રમાને જોવાને કુતુહલથી આકલિત થયેલી બ્રહ્માની પૂત્રી સરસ્વતી ( ભારતી ) પોતેજ જાણે આવી હોયની શું ? તેમ તે (ગુજરાત ) દેશમાં સરસ્વતી નદી શોભે છે. ૪૭.

તે બ્રહ્માની પૂત્રી ( સરસ્વતી નદી ) ચંદ્રીકાની જેમ દાંતની કાંતીથી અંકિત અને લમણામાં કસ્તુરીની આડથી અંકિત ક્રીડા કરતી તરૂણીઓના મુખે કરીને જાણે હજાર ચંદ્ર વાલી હોય નહિ શું તેમ શોભતી હતી. ૪૮.

જળક્રીડા કરવાની ઇચ્છાથી આવેલા તથા પોતાની પ્રીયાઓ સહીત તથા પૂજવા યોગ્ય જુવાન પુરૂષોને મંગળ શબ્દોએ કરીને કુશળ પૂછતી ( હોય તેમ ) તે ( સરસ્વતી ) પોતાના કલ્લોલરૂપી હાથમાં રાખેલા કમળો વડે તે યુવાન પુરૂષોને પુજાપો આપતી ( હોયની શું ) ૪૯.

પ્રચૂર મકરન્દના પાન (પીવા)માં લીન થયેલા ભમરા તથા વીકસેલા ધોળાં કમળ જોઇને અમૃતરસ (પીવા)ને ઇચ્છતી ચકોરીઓ ચંદ્રની બુદ્ધિથી ચોમેર તે સરસ્વતી નદીમાં ભમ્યા કરે છે. ૫૦

જેના કાંઠા ઉપર હારબંધ લાખો સારસ પક્ષીઓ ડોકમાં મોતીના હાર હોયની શું તેમ ( આવેલા ) તટ ઉપર કાનને પ્રીય લાગે તેવા કલકલાયમાન સ્વર કરતી કલહંસીઓએ કરીને જાણે રણઝણ કરતા ઝાંઝર પહેરેલા હોયની શું, કમળરૂપ મુખને વીશે ભ્રમરરૂપી આંખોને ધારણ કરતી હોયની શું, ઉંચા અને પુષ્ટ બે સ્તનોરૂપી ચક્રવાક પક્ષીના જોડલાને ધારણ કરતી, શેવાળની મંજરીરૂપી રોમાવળીને ધારણ કરતી, તે દેશમાં કાર્યક્રીડાના વિલાસથી જુવાન પુરૂષોને ચપળ કરતી સાભ્રમતી નદી પ્રધાન સ્ત્રી હોયની શું તેમ યુવાન પુરૂષોના ટોળાને પોતાની જળક્રીડાઓના અભિલાષી કરે છે. ૫૧. ૫૨. ૫૩.

તે ગુજરાત દેશમાં (પાણીથી) નમેલા મેઘ રૂપી બખ્તર જેના અંગ ઉપર ધારણ કરેલા છે, તથા વીજળીના ચમકારા રૂપી ચળકતા તીક્ષણ શસ્ત્રો જેણે ધારણ કર્યાં છે તેવા, દ્વેષને લીધે પોતાના દુશ્મન ઇંદ્ર સાથે જાણે યુદ્ધ કરવાને યત્ન કરી રહ્યા હોયની શું (તૈયાર થઈ ગયેલા હોયની શું ) તેમ ક્રીડા પર્વતો આવેલા છે. ૫૪.

' તે ગુજરાત દેશમાં પર્વતો ગગન અનંત છતાં પણ ઇંદ્રના માર્ગ (ગગન) ને કૌતકથી માપવાને જાણે ઉત્સુક ( ઉદ્યમવાળા ) થયા હોય તેમ આકાશગંગામાં સ્નાન કરતા દેખાય છે. ૫૫.

તે દેશમાં નદીઓરૂપી સેના જેને છે ! તથા નવા પત્ર આવેલા આંબાના વૃક્ષરૂપી જેને છે તથા ઝરતા ઝરારૂપી ચામરો જેને છે તેવા પર્વતો જાણે પોતે પૃથ્વીના રાજાઓ છે એમ પ્રગટ કરતા મોટા પર્વતો છે. ૫૬.

તે દેશમાં પર્વતોની ગોત્ર લક્ષ્મીની જાણે ગુંથેલી વેણી હોયની શું તેમ વીજળીરૂપી મણીનાદા નાથી શોભા યુક્ત તથા બગલીઓરૂપી ધન ફુલોથી ગુંથાએલી એવી (પર્વતોના શીખર ઉપરની ) વાદળાંની ઘટા શોભે છે. ૫૭

અધર આકાશમાં હમેશાં વહેવાને લીધે ખેદ પામેલી આકાશગંગા ઊંચા પર્વતના ઝરણોના મીષ વડે પૃથ્વી ઉપર ઊતરતી નહિ શું. ૫૮.

તે દેશ ( ના કોઇ ભાગ)માં ચરતા પક્ષીઓના સમુહોએ કરીને ડાંગરના છોડની કલમોના અંકુરો ફુટેલા છે એવા પૃથ્વીની લક્ષ્મીની મણીની રચના છુપાએલી છે અને ગળી સરખી લીલી જાણે ચોળી હોયની શું તેવા કયારાઓના સમુહ શોભે છે. ૫૯.

તે દેશ (ના કોઇ ભાગ)માં દેશની લક્ષ્મીના પેટઉપર શોભતી નાભી ઉપરની રૂંવાટી જાણે હોયની શું તેમ ઉંબીઓ નીકળેલી ડાંગરના કયારા ધરાની પાસે વીલાસ પામતા હવા.૬૦

તે ગુજરાત દેશમાં ઉતાવળી તાળ હોય તેમ હાથની તાળીઓ પાડીને ડાંગરની રક્ષક સ્રીઓ લક્ષ્મી વડે સમગ્ર દેશને જીતીને રહેલા ગુર્જર દેશની કીર્તિઓ ગાતી હોય તેમ પોકારો કરે છે. ૬૧.

તે ગુજરાત દેશમાં કોઇ સ્થળમાં ગુજરાતની સાક્ષાત કીર્તીઓ હોયની શું તેમ વાછરડાંઓ સહીત, તથા ગંગા નદીનું સખી પણું ધારણ કરતી મણ દૂધ દેવાવાળી ગાયો ગૌચરીમાં ચરે છે. ૬૨

તે દેશના કોઇ ભાગમાં ( આ દેશની ગાયોની ) ઇર્ષાને લીધે પુન્ય જેનું ક્ષીણ થયું છે ( નો ઉદય પૂર્ણ થયો ) તે સ્વર્ગની ગાયો જાણે પૃથ્વી ઉપર ઉતરી આવી હોય નહિ શું તેવી પોતાના નાના બચ્ચાની તરફ જોવાથી અમૃત કરતાં પણ વીશેષ મીઠાશવાળા દૂધથી ઝરતી ગાયો શોભે છે. ૬૩

બ્રહ્માંડના ઉંચા પ્રદેશથી નીચે ઉતરવાથી થતી પીડાવાળી સ્વર્ગ લોકની ગાયો પૃથ્વી ઉપર આવી જાણે સુખેથી ચરતી હોયની શું તેમ તે દેશમાં ગાયો વિશેષે શોભે છે. ૬૪

શ્રી કુમારપાળ રાજર્ષિના યશરૂપી મકરન્દના વૃન્દવાળા કમળો હોયની શું તેમ તથા જેમ મુખમાં બત્રીસ દાંત શોભે છે, તેમ શ્રી ઋષભ વગેરે જીનેશ્વરોના ચૈત્યો વડે શોભે છે. ૬૫

અમદાવાદ નગર છે મુખ્ય જેનું તેવી ગુજરાત દેશની લક્ષ્મીના ખંભાત તથા પાટણ એ બે નગરો જાણે ( કાનનાં ) કુંડળો હોયની શું તેમ બે બાજુએ ગુજરાત દેશમાં શોભે છે. ૬૬

વિભૂતિવાળો, કાળને ભેદનારો, અકે દૂર્ગવાળો, ક્રીડા કરતા બાળકવાળો, કળાઓ ધારણ કરનાર સહીતનો અહીન ( વાસુકિ ) શોભાવાળો, વૃષવાળો, અને સુપર્વ સરસ્વતીવાળો તે ગુજરાત દેશ શંકરની પેઠે શોભે છે. ૬૭

સ્વર્ગ લોકને જીતી શકે તેવા પોતાના વૈભવોથી ભુજંગલોકને જાણે પોતાને આધીન

કર્યો હોયની શું તેવો તે ગુજરાત દેશમાં શ્રીધાનધાર નામનો ભાગ શરીરમાં મુખ હોયની શું તેમ વર્તે છે. ૬૮

વાડવ સહીત અને શ્રી પુરૂષોત્તમ જે ( ના ખોળામાં છે. ) તેવો સમુદ્ર જાણે હોયની શું તેવા ધાનધાર પ્રાન્તમાં ઇન્દ્રની નગરીનું પ્રતિબિંબ હોયની શું તેમ પ્રાલ્હાદન નામનું નગર શોભે છે. ૬૯

વિશ્વકર્માએ પ્રથમ ઉત્તર દ્રવ્યોથી આ પ્રાલ્હાદન નગર રચી તેમાંથી વધેલા દ્રવ્યો વડે દેવનગરી ( અમરાવતી ) તથા નાગલોકની નગરી ( ભોગવતી ) જાણે બનાવી હોય નહી શું ? કારણકે તે બે નગરીઓ કરતાં આ ( પ્રાલ્હાદ ) પૂરની શોભા વધારે શોભાવાળી છે.૭૦

રામે બનાવેલો, સમુદ્ર મધ્યે રહેલો પૂલ હોયની શું તેમ તે નગરના એક ભાગમાં ચંદ્રકાન્ત મણીથી બનાવેલો અને ચંદ્રના કીરણોના સ્પર્શથી ઝરતા પાણી વડે જેની બાજુઓ પૂર્ણ છે તેવો એક પૂલ શોભે છે. ૭૧

જે નગરથી હારખાવાથી દુઃખને લીધે અમરાવતી નગરીએ ઝંપાપાત કર્યો હોયની શું તેમ જગતના સર્વનગરની શોભાને જીતવા વાળુ આ ( પ્રાલ્હાદન ) પુરનુ પ્રતિબિંબ ( આ નગરની પાસેના ) સરોવરમાં પડતું હતું. ૭૨

મારો સ્વામી કપાલિનો મીત્ર છે, ત્રણ શીરવાળો છે, કુત્સીત શરીર વાળો છે, પીશાચ છે, તથા રાક્ષસ જેવો ક્રુર છે તેથી તે સ્વામીની સેવા કરવા યોગ્ય નથી; તેથી તે (કુબેર) ને ત્યજીને અલકાપુરી પૃથ્વી ઉપર પોતાના પતિને ત્યાગ કરનારી લંપટ સ્રી હોયનીશું તેમ આવી હોયની શું, (તેવી આ પુરી શોભે છે. ) ૭૩

લાખો રામ (!) હજારો તાર્ક્ષ્ય, રમાઓ, ક્રોડો પ્રદ્યુમ્ન, તથા શૂર ( સુભટો ) ( ગુજરાત દેશે ) જીતેલા કૃષ્ણે પોતાની ( દ્વારકા ) નગરી ( ગુજરાતને ) આપી દીધી હોયની શું તેમ આ પ્રાલ્હાદ પુરી શોભે છે. ૭૪

તે પ્રાલ્હાદનપુરમાં પ્રાલ્હાદન ( નામના ) વિહારમાં ચંદ્રની પેઠે પ્રાણીઓને આનંદ ઉપજાવવાથી જગતમાં યથાર્થ નામવાળા પ્રાલ્હાદન પાર્શ્વનાથ શોભતા હવા. ૭૫

અન્ય પાર્શ્વનાથની પેઠે શ્રી પ્રાર્શ્વનાથ પ્રલ્હાદ રાજાના રોગોના સ્નાન જળવડે નાશકરનાર થયા તેથી તે પ્રાલ્હાદ રાજાએ પોતાના નગરમાં ભક્તિવડે કરીને શ્રી પ્રાલ્હાદન પ્રાર્શ્વનાથની મૂર્તિ ભરાવી. ૭૬

જે પાર્શ્વનાથની પૂજાદિ વાગેરે સામગ્રીથી પાંચશે વીસલપુરીઓ ( નાલોકો ) પૂજે છે તે પાર્શ્વનાથ જાણે બાહ્ય હોયની શું તેમ વર્ણન કરવાને હોય તેમ અમને અંતર આક્ષરતા આપો. ૭૭.

શ્રી પાર્શ્વનાથ પોતાના નિર્મલ આશયવડે જીતેલા હોવાથી પાર્શ્વનાથની મહેશ્વાની મેળવવાની ઇચ્છાવાળા હોયની શું તેમતે પ્રાલ્હાદન વિહારમાં રોજ એક મુઠી ચોખા આપતા હતા. ૭૮

વળી પાર્શ્વનાથની સેવાએ કરીને પોતાનો ઉદ્દેગ ભાવ દૂરકરવાને માટેહોયની શું તેમ તે વીહારમાં રોજ સોળમણ સોપારીઓ આવતી હતી. ૭૯

તે નગરમાં મોટાઇનાં ચિન્હોને ધારણ કરનાર મહાધનાઢ્ય ૮૪ શેઠીઆઓ દેવ વીમાનમાં બેસી આવતા હોયની શું તેમ પાલખીઓમાં બેસી ગુરૂઓની દેશના સાંભળતા હતા. ૮૦

આગળ ઇક્ષ્વાકુ વંશના આભુષણરૂપ વૃષભ લાંછન ( વાળાશ્રી ઋષભદેવ ) કો-

ણાલા નગરીને પોતાના જન્મથી પવિત્ર કરતા હોયની શું તેમ પોરવાડ વંશના પોતાના શરીરની શોભાથી કામદેવને હરાવનાર તથા અદ્વૈત વૈરાગ્યના સમુદ્ર તથા જાણે વજ્ર સ્વામીની પેઠે વિવિધ લબ્ધીને ધારણ કરનાર તથા જગતમાં શાસ્ત્રોનો પાર પામેલા શ્રી સોમ સુંદર સુરીએ અગાઉ આ પ્રલ્હાદન પૂરને પવિત્ર કરેલું હતું. ૮૧. ૮૨.

પૃથ્વી પોતાનું ઘર છે એવી કુબેરની નગરી અમરાવતીની ભ્રાન્તીથી તેની સાથે આવેલું ચિત્ર રથવન હોયની શું તેમ તે પ્રાલ્હાદન નગરમાં વિકાસ પામેલા તથા ઘાડ પાંદડાઓથી છવાએલા વૃક્ષોની હારોમાં એકઠા થતા પક્ષીઓ વાળું ઉપવન શોભતું હતું. ૮૩.

જીવોની આલોકની ઇચ્છાઓ પૂર્ણ કરવાને અમે સમર્થ છીએ તેવીજ રીતે તેમની પરલોકની ઇચ્છાઓ પૂર્ણ કરવા અમે શકિતવાન થઈએ તેમ કરો તેવી અર્જ શ્રી પાર્શ્વનાથ રૂબરૂ કરવા ઇચ્છતા હોયની શું તેમ વૃક્ષોનું શરીર ધારણ કરીને કલ્પવૃક્ષો તે બગીચાને વીષે આવ્યા હોયની શું તેવા કલ્પવૃક્ષ જેવાં ઝાડો હતાં ૮૪

છએ ઋતુઓ એક સાથે આવીને તે બગીચાને શેવે છે તેથી હું કલ્પના કરૂ છું કે હીરકુમારના રૂપવાળો કામદેવ આ નગરમાં પ્રગટ થશે એમ જાણીને તે કામ દેવને મદદ કરવા છ ઋતુઓ સાથે આવી હશે. ૮૫.

તે બગીચામાં મધુર સ્વર કરતી કોયલો વાળા તથા આમ તેમ ભમતા ભ્રમરોવાળા આંબાના વૃક્ષોની હારો જોઇને જાણે અસાધારણ હથીઆરો મળ્યાં હોય તેમ કામદેવ ત્રણ લોકને તરખલા સમાન માનતો—ગણતો હવો. ૮૬.

આંબાના અંકુરોરૂપી બાળવાળા તથા કેસુડાં રૂપી જેનાં અર્ધ ચંદ્રાકાર બાણ છે તથા પાંદડાંરૂપી બખ્તર છે તેવા કલ્પવૃક્ષને જીતવાને ઉદ્યમવાળા તે બગીચાના ઝાડોમાં મધુર સ્વર કરતી કોયલો દુંદુભીની પેઠે આચરણ કરે છે. ૮૭

ઉનાળાના તાપથી જેનું તન ખેદ પામેલું છે તેવી વન લક્ષ્મીને શીતલતા ઉપજાવવાને માટે (લોકોએ) બનાવ્યા હોયની શું તેમ ભાદરવાના મેઘની પેરે આચરણ કરતા તમાલના વૃક્ષો ઉપરથી (ફુવારામાંથી) પડતી જળધારાઓ જે લતાગૃહો ઉપર પડે છે, તેવા લતાગૃહોવાળુ તે ઉપવન શોભે છે. ૮૮

ઘાડ ખીલેલા કુટજના વૃક્ષોની સહવર્તમાન વરસાદની ધારાઓથી આચ્છાદિત થયેલ કદંબના વૃક્ષો અન્તરમાં જોવાને હીરકુમારને ઉત્સુકતા સ્થીર ઉઘાડેલા નેત્રોવાળા હોયની શું તેમ ખીલેલા ફુલોને તે ઉપવનમાં ધારણ કરે છે. ૮૯

સ્પર્ધા કર્યો છે પોતાના દાનનો ગંધ તે જેણે, ભમરોના ગુંજારવ શબ્દોથી આકુળ થયેલા દરેક શાખાએ સાત પાંદડાંવાળા (સાગના) ઝાડોને જોઇને સામા વીરોધ હાથીઓ છે એવો ભ્રમ ધારણ કરનાર હાથીઓ (મદ ઝરવાથી) ગાંડા થયેલા હાથીઓ તે ઉપવનમ દોડા દોડ કરે છે. ૯૦.

શાખાઓ અગ્રભાગો ઉપર ખીલેલા પુષ્પો છે જેમને તેવા લોદરના ઝાડોને જોઇને વાઘના બચ્ચાંની ભ્રાન્તિથી હૃદયના વિષે અત્યંત આકુળિત થયેલા હરણો તે ઉપવનમાં તે લોદરના ઝાડોવાળી દિશાઓથી દુરનાસતા હવા. ૯૧.

હારબંધ ગોઠવેલા ફરતા છે પક્ષીઓના બચ્ચાં જેને વિશે તથા વનશ્રીના વસ્ત્ર હોયની શું તેમ રચનાને ધારણ કરનાર તથા હીમને વારનાર પ્રીયંગુ (કાંગ) ની હારોથી તે ઉપવન શોભે છે.૯૨.

# जैन कोमना आगेवान सरदार स्वर्गस्थ शेठ लालभाइ दलपतभाइनुं टुंक जीवनवृत्तान्त.

( લેખક મુનિ બુદ્ધિસાગરજી. )

સરદાર શેઠ. લાલભાઇ દલપતભાઇનું સં. ૧૯૬૮ ના જેઠ વદી ૫ ના પ્રાતઃકાલમાં અકસ્માત્ મૃત્યુ થવાથી જૈન કોમ અને અન્ય કોમોમાં પણ હાહાકાર વર્તાઇ રહ્યો છે. તેમને હ્રદયરોગ હતો. તે પોતાની માતા ગંગા બેન શેઠાણીના ખોળામાં શીર્ષ મૂકીને મૃત્યુ પામ્યા છે. જૈન કોમના આગેવાન--સ્તંભના મૃત્યુથી કોના હ્રદયમાં શોક ન ઉત્પન્ન થાય. આખા ગામમાં તારની પેઠે તેમના મૃત્યુના સમાચાર પહોંચવાથી સેંકડો લોકો વંડા તરફ આવવા લાગ્યાં. તેમની દહનક્રિયા વખતે ઘણી જાતના મનુષ્યોએ દીલગીર ચહેરે હાજરી આપી હતી. તેમની પાછળ અન્ન, વસ્ત્ર અને રૂપાનાણું ગરીબોને આપવામાં આવ્યું હતું. શ્મશાનમાં એક દીલગીર ભર્યો દેખાવ બની રહ્યો હતો તે સંસારની અનિત્યતાને સૂચવતો હતો.—

**काया सुकोमल केळ जेवी, बिगडतां नहि वाररे;**
**भला भला पण चालीया तो पामरनो शो भाररे. ॥**

× × × × × ×

**अनित्यानि शरीराणि विभवो नव शाश्वतः**
**नित्यं संनिहितो मृत्युः तस्माद् धर्मं समाचर ॥**

ઇત્યાદિ શ્લોકોના ભાવાર્થનો લોકને અનુભવ આવતો હતો. કેટલાક મનુષ્યો તો કહેતા હતા કે અહો પાણીના પરપોટા જેવા શરીરનો શો વિશ્વાસ. શ્રી વીરપ્રભુએ ગૌતમને કહ્યું છે કે હે ગૌતમ ! એક ક્ષણ માત્ર પણ પ્રમાદ કરીશ નહિ. મનુષ્યના જન્મની કિંમત નથી. ઇત્યાદિ વાકયોનું મનુષ્યો સ્મરણ કરવા લાગ્યા, દહન ક્રિયા બાદ મનુષ્યોનાં ટોળે ટોળાં વંડાએ આવીને શોક કરીને સંધ્યા સમયનાં પક્ષીઓની પેઠે સ્વસ્વસ્થાને ગયાં. શહેરમાં હડતાલ પડી હતી અને લોકોએ મંડલો ભરી શોક દર્શાવ્યો હતો. શેઠાણી ગંગાબેન કે જે લાલભાઇનાં માતાજી હતાં તેમને તથા તેમના ભાઇઓને તથા પુત્રો વગેરેને અત્યંત શોક થવા લાગ્યો. લેખકે શેઠાણીની પાસે જઇને વૈરાગ્યોપદેશ દીધો, મોટા એવા તીર્થંકરો પણ શરીર ત્યજીને ચાલ્યા ગયા. દુનિયામાં કોઈ અમર રહેતું નથી. શરીરનો શોક કરવો ઘટતો નથી શરીરમાંથી છૂટીને અન્યગતિમાં ગએલો આત્મા કંઇ હવે શોક કરવાથી પાછો આવે તેમ નથી. વિલાપ કરવાથી કંઇ વળે તેમ નથી. સંસારની અનિત્યતાનો વિચાર કરીને દરરોજ આત્મભાવમાં રમણતા કરવાની જરૂર છે ઇત્યાદિ ઉપદેશ દેવાથી શેઠાણી ગંગાબેન શાન્ત થવાં હતાં. શેઠ લાલભાઇના મૃત્યુથી જૈન કોમની ઉન્નતિ કરનાર એક આગેવાન પુરૂષની ખોટ પડી છે.

તેમના આત્માને શાંતિ ઇચ્છવા માટે આંબલીપોળના ઉપાશ્રયે એક **જાહેર સભા** બોલાવવામાં આવી હતી તે વખતે સેંકડો મનુષ્યો મળ્યાં હતાં. તે વખતે માસ્તર હીરાચંદ કકલભાઇએ લાલભાઇની નિરહંકારદશા અને તેમના અન્ય ગુણોનું સહવાસને લીધે વર્ણન કર્યું હતું. શેઠ, મોહનલાલ મગનલાલે સરદાર લાલભાઇના સદ્ગુણોનું સારૂં ચિત્ર સભા આગળ ભાષણદ્વારા ખડું કર્યું હતું. શા. છોટાલાલ મનસુખે શેઠ. લાલભાઇની પાછળ તેમના ગુણોની યાદી રહે એવું

સ્મારક કરવું એમ સૂચના કરી હતી. બોર્ડીંગના સુપ્રીન્ટેન્ડન્ટ શંકરલાલે તેમના ગુણોની કવિતા ગાઇને લોકોના મનમાં ઉંડી અસર કરી હતી, વૈરાટી મૂલચંદભાઈ આશારામે શેઠ. લાલભાઇ દલપતભાઈએ જૈન કોમની ઉન્નતિ અર્થે લખેલો લેખ જૈનપત્રના દીવાળીના અંકમાંથી વાંચી સંભળાવ્યો હતો અને તેથી શેઠ લાલભાઇના જમાનાને અનુસરી જૈનોએ વર્તવું જોઇએ ઇત્યાદિ આન્તરિક-વિચારોનું શબ્દોદ્વારા શ્રવણ કરીને લોકોના મનમાં ઉચ્ચ વિચારોનાં પરિવર્તનો થયાં હતાં. સ્થાનકવાસી કોમના જૈન સમાચારના અધિપતિ. ભાઈ વાડીલાલે તેમના સતત ઉદ્યોગ અને સમભાવ એ બે ગુણોનું વિવેચન કરીને જણાવ્યું હતું કે શેઠ લાલભાઇ ઉચ્ચ પદવીએ ચઢયા તેનું કારણ ખરેખર આ બે ગુણોજ છે. શેઠ. લાલભાઇ કોઇને કોઈ કાર્યમાં મચ્યા રહેતા હતા એ ખરેખર સત્ય છે. 'નવરો બેઠો નખોદ-વાળે' એ ન્યાયથી જોતાં જે મનુષ્યો નવરા બેસી રહે છે તેના મનમાં ખરાબ વિચારો આવે છે. શેઠ લાલભાઇ દરરોજ કાંઇને કાંઇ ઉપયોગી કામ શોધી મંડ્યા રહેતા હતા. ઇત્યાદિ ભાષણકર્ત્તાઓએ શેઠ લાલભાઈના ગુણોનું વિવેચન કરીને શ્રોતાઓના હૃદયમાં ઉંડી અસર કરી હતી તેથી શ્રોતાઓના હૃદયમાં શેઠ લાલભાઇની મૂર્તિ ખડી થઇ હતી.

લેખકે લાલભાઈના જીવનચરિત્ર અને ગુણો સંબંધી નીચે પ્રમાણે વર્ણન કર્યું હતું.

શેઠ. લાલભાઇનો જન્મ સં. ૧૯૧૯ ની સાલમાં થયો હતો. તેઓ શાન્તિદાસ શેઠના કુટુંબના હોઇ શેઠના વંશને શોભાવે એવા બાલ્યાવસ્થાથી ગુણો ધારણ કરતા હતા. તેમની વંસાવળી નીચે પ્રમાણે છે.

હરપાળ.
|
વત્સાશેઠ.
|
સહસકિરણ.
|
શાંતિદાસ.
|
લખમીચંદ
|
ખુશાલચંદ.
|
વખતચંદ.
|
મોતિચંદ.
|
ફતેહભાઇ.
|
ભગુભાઇ.
|
દલપતભાઇ.
|
લાલભાઇ. મણિભાઇ. જગાભાઇ.

**કેળવણી અને વ્યાપારમાં જોડાવું**

શેઠ. દલપતભાઇએ બાહોશ ઇંગ્લીસ શિક્ષકો મારફત લાલભાઇને વ્યાવહારિક વિદ્યાનું શિક્ષણ અપાવ્યું. ધાર્મિક શિક્ષણ માટે સારી યોજના કરીને તેમના હૃદયમાં ઉંડા ધર્મના સંસ્કાર પાડયા. તેમણે ઇંગ્રેજી અભ્યાસ એફ. એ. સુધી કર્યો હતો. યુવાવસ્થા સંપ્રાપ્ત થવાની સાથે તેમના પિતાનું અવસાન થવાથી તેઓ વ્યાપારમાં જોડાયા. વ્યાપાર વિષયમાં વિજય મેળવવા માટે અનેક અનુભવી પુરૂષોની સલાહ લીધી અને તેમજ સમર્થ આંગ્લ વિદ્વાનોનાં પુસ્તકો વાંચ્યાં. તેમની મોટી ઉમર થતાં તેઓ સર્વ પ્રકારની શક્તિઓ વડે ખીલવા લાગ્યા અને વ્યાપારમાં પોતાના પિતાના કરતાં આગળ વધીને તેમણે બમણી મુડી કરી. તે મુડીમાં બહુ વધારો કર્યો.

**ધર્મશ્રદ્ધા ધર્માચરણ**

માતા પિતા અને આજુબાજુના ઉત્તમ સંયોગોના લીધે તેમની ધર્મ તરફ શ્રદ્ધા વધવા લાગી જૈન ધર્મની તેમને હાડોહાડ શ્રદ્ધા હતી. જોકે તેઓ ધર્મનાં અનુષ્ઠાનોમાં વિશેષતા પ્રવૃત્તિ કરી શકતા નહોતા તોપણ તેમની શ્રદ્ધામાં પ્રાયઃ જરા માત્ર ફેરફાર થયો નથી. તેમને સામાયક કરવાની પ્રતિજ્ઞા હતી. દરરોજ એક સામાયક અને દેવપૂજા એ બે કાર્ય તેમણે મરણપર્યંત છોડયાં નથી. સાધુઓના સમાગમમાં પણ તેઓ ઘણી વખત આવતા હતા અને સાધુઓને વંદન કરીને તેમની વૈયાવચ્ચ કરતા હતા. શ્રીમદ્ રવિસાગરજી મહારાજ ઉપર તેમને અત્યંત પ્યાર હતો. તેમના ચારિત્રના વારંવાર લાલભાઇ શેઠ વખાણ કરતા હતા. જૈન કોમના અગ્રગણ્ય ગણાતા ઘણા મુનિયોનાં તેમણે દર્શન કર્યાં હતાં અને તેઓની સાથે ધર્મચર્ચા કરી હતી.

**માતાનો વિનય**

તેમણે માતાનો વિનય સારી રીતે કર્યો હતો. માતાની આજ્ઞા માનીને તેઓ સમેત શિખરના કેસમાં ભાગ લેવાને માટે સમેતશિખર ગયા હતા. કોઇ કાર્ય કરવાની પોતાની ઇચ્છા ન હોય તોપણ માતાની આજ્ઞાને આધીન થઇને તેઓ તે કાર્ય કરતા હતા. આણંદજી કલ્યાણની જૈન તીર્થોની પેઢીમાં ગંગાબેન શેઠાણીની આજ્ઞાથી જોડાયા હતા અને પ્રેસીડેન્ટ પદવીને તેઓ લાયક હતા તેથી તેમને પ્રેસીડેન્ટ પદ મળ્યું હતું. દરરોજ માતાના ચરણકમલમાં તે મસ્તક નમાવતા હતા દેશ પરદેશ જતાં પહેલાં માતાને નમસ્કાર કરીને માતાનો આશીર્વાદ લેઇને ગમન કરતા હતા. તેમના સર્વ ગુણોમાં આ ગુણ પણ એક મહાન હતો. પોતાની માતાની સેવા ભક્તિના પ્રતાપેજ તેમનું મરણ માતાના ખોળામાં થયું હતું.

**વ્યસન ત્યાગ**

લક્ષાધિપતિયોમાં અનેકજાતનાં વ્યસન હોય છે. લાલભાઇ પરનારીસહોદર હતા. તેમને કોઇ પણ પ્રકારનું વ્યસન ન હતું અને તેથી તેમના કુટુંબ ઉપર પણ સારી છાપ પાડી શકયા હતા. માતાના ઉપદેશથીજ તે વ્યસનના ઝપાટામાં આવીશકયા નહોતા. પોતાના પુત્રોને પણ વ્યસનથી ચેતતા રહેવાનો પ્રસંગોપાત્ત ઉપદેશ દેવા ચૂકતા નહોતા. ધર્મનાં અનેક પુસ્તકો વાંચવાથી અને માતાની આજ્ઞા પાલનથી તેમનું ચારિત્ર બાલ્યાવસ્થાથી સારૂં ઘડયું હતું.

**તીર્થ રક્ષા આદિ ધર્મ કાર્યોમાં ભાગ**

સિદ્ધાચલ ડુંગરની આશાતના ટાળવાના કેસમાં તેમણે અથાગ પ્રયત્ન કર્યો હતો. લોર્ડકર્ઝન જે વખતે આબુજી ગયા તે વખતે જૈનોના ડેપ્યુટેશનમાં લાલભાઇએ અગ્રગણ્ય ભાગ લેઇને લોર્ડકર્ઝનની સાથે વાતચિત કરીને તેમના મનનું સમાધાન કરીને આબુજીનો કબજો જૈનોના હાથમાં રહે એવા ઠરાવ ઉપર લોર્ડકર્ઝનને આણ્યા હતા. ગીરનારનો કેસ ચાલતો

હતો તેમાં પણ લાલભાઈએ આત્મભોગ આપીને ભવિષ્યમાં થનાર આશાતનાને ટાળી છે, તારંગા સમેતશિખર અન્તરિક્ષજી વગેરે તીર્થોની રક્ષામાં તેમણે બનતો જાતિભોગ આપ્યો છે.

**કેળવણી અને કોન્ફરન્સ**

જૈન શ્વેતાંબર કોન્ફરન્સની સ્થાપનામાં ગુલાબચંદ ઢઢ્ઢાને તેમણે સારી સહાય આપી હતી. જૈન શ્વેતાંબર કોન્ફરન્સના તે જનરલ સેક્રેટરી હતા. અમદાવાદમાં શેઠ. જેશંગભાઇ હઠીશગે કોન્ફરન્સને આમંત્રણ આપ્યું તે વખતે કોન્ફરન્સ ભરતાં કેટલાક પ્રતિપક્ષીઓ સામા થયા હતા તોપણ તેમણે કોન્ફરન્સનું કાર્ય છોડયું નહોતું. " કોન્ફરન્સમાં કેટલાક દોઢ ચતુરો કોન્ફરન્સના વિઘ્ન સંતોષીયો બનીને કોન્ફરન્સને તોડવા માગે છે પણ તેમાં તેઓ મૂર્ખતા પ્રકટ કરે છે" ઇત્યાદી વાકયોથી તેમણે કોન્ફરન્સના પ્રતિપક્ષીઓની ઝાટકણી કાઢી નાખી હતી. જૈનોને કેળવણી અપાવવામાં તેમની અત્યંત લાગણી હતી. મુસલમાનોની અલીગઢ કોલેજ જેવી જૈનોની કોલેજ કાઢવા વારંવાર તેમના મનમાં વિચાર પ્રકટતા હતા. લેખકની પાસે વારંવાર તેમ કહેતા હતા. જૈનોને માટે હુન્નરશાળા સ્થાપવાનું પણ વારંવાર તે કહેતા હતા. કન્યાઓને કેળવવામાં તેમનો સ્તુત્ય વિચાર હતો. પોતાની માતાની યાદગીરી માટે ત્રણે ભાઇઓએ નાણાં આપીને ઝવેરીવાડાના નાકે ગંગાબાઇ જૈન કન્યાશાળા રૂપીઆ પાંત્રીશ હજાર ખર્ચીને બાંધી છે અને તેમાં હાલ જૈન કન્યાઓ અભ્યાસ કરે છે. જૈન વિદ્યાર્થિયોને સ્કોલરશીપ આપવામાં તે ભાગ લેતા હતા. વળી તેમણે પોતાના પિતાની યાદગીરી માટે શેઠ. દલપતભાઇ ભગુભાઇના નામની અત્રે મરચી પોળમાં એક મોટી સારી સવડવાળી ધર્મશાળા બંધાવી છે. ચાલતા દુષ્કાળમાં તેઓએ પાંજરાપોળની ટીપમાં રૂ. ૧૧૦૦૦) ની મદદ આપી છે. તેમજ ઢોરો છોડાવવામાં પણ સારી મદદ કરી છે.

**સુધારક વિચાર**

શેઠ. લાલભાઈ અમુક અપેક્ષાએ સુધારક વિચાર ધરાવતા હતા. ઇંગ્લાંડ વગેરે પરદેશ ગમનના તે હિમાયતી હતા. તે તેમના લેખથી સિદ્ધ થાય છે. પરદેશગમન કર્યા વિના છૂટકો નથી એમ તે માનતા હતા. જમાનાને અનુસરી જે જે સુધારાઓ કરવા યોગ્ય હોય તે કરવાજ જોઇએ એમ તેમની માન્યતા હતી. બાલલગ્ન વૃદ્ધલગ્ન અને એક કરતાં અધિક સ્ત્રીની સાથે લગ્ન કરવાં, નાત વરાનાં ખર્ચ કરવાં ઇત્યાદિ દુષ્ટ રીવાજોને હઠાવવા તેઓ પ્રયત્ન કરતા હતા. પોતાની નાતમાં પણ બને તેટલા સુધારા કરવા તે પ્રયત્ન કરતા હતા.

**સાદાઇ**

શેઠ લાલભાઇ સાદાઇને બહુમાન આપતા હતા સાદાઇના તે પૂજારી હતા. કોન્ફરન્સને પણ અલ્પ ખર્ચે ભરવી ઇત્યાદિ બાબતોપર પોતાના વિચારો બહાર પાડતા હતા. તેમનાં વસ્ત્ર સાદાં હતાં. સરકાર દરબારમાં પણ સાદો વેશધારણ કરતા હતા. પોતાના કુટુંબને પણ સાદાઇ રાખવા વારંવાર શિખામણ આપતા હતા અને ઘરમાં સાદા વેષે ફરતા હતા.

**સ્વજાતે સર્વ કાર્યોમાં ભાગ.**

લાલભાઇ પોતાની જાતે સર્વ કાર્યોની તપાસ કરતા હતા. એક નાનું સરખું કાર્ય પણ તે પોતાની આંખ બહાર જવા દેતા નહોતા. જે જે કાગળોમાં સહી કરવી પડે તે તે કાગળોને બરાબર વાંચતા અને પશ્ચાત્ સહી કરતા હતા. કોઇના વિશ્વાસ ઉપર કાર્ય મૂકીને બેસી રહેતા નહોતા ચોપડા પણ જાતે તપાસતા. વ્યાપાર વગેરે સર્વ કાર્યોને સૂક્ષ્મ દૃષ્ટિથી તપાસતા હતા.

**જાહેર સરકારી કાર્યોની તપાસ**

તેઓ જાહેર સરકારી કાર્યોમાં ભાગ લેતા હતા અને તેથી સરકારમાં તેમનું બહુ માન હતું. ત્રણ વર્ષ પહેલાં સરકાર તરફથી તેમને સરદાર પદવીનો ઇલ્કાબ આપવામાં આવ્યો હતો. દીલ્હીમાં પાંચમા સરજ્યોર્જ ગાદીએ બેઠા તે વખતે તેમને સરકારે નોંતર્યા હતા. વળી અમદાવાદ ધોળકા રેલ્વે અમદાવાદ પ્રાંતીજ રેલ્વે, બોમ્બે સ્ટીમ નેવીગેશન કંપની, સેન્ટ્રલ પ્રોવીન્સીઝ રેલ્વે, અમ્રતસર પાટી રેલ્વે, તથા વીરમગામ સ્પી. મીલના તેઓ ડાયરેકટર હતા. જાહેર સરકારી મેળાવડામાં તેઓ હાજરી આપતા હતા અને લોકોપયોગી કાર્યોમાં સલાહ અને વખતનો ભોગ આપતા હતા. ઓગણપચાશ વર્ષની વયે શરીર છોડી તેઓ પરભવમાં ગયા.

તેમનું જીવનચરિત્ર તપાસીએ તો તેમાં ઘણા ગુણો મળી આવે છે. તેઓ પોતાના પુત્રોને કહેતા હતા કે આત્મા અનન્તશક્તિનો ધણી છે તે ધારે તે કરી શકે, ઇત્યાદિ ઉપદેશ દેઇને હિમ્મતનો પાઠ શિખવતા હતા. પોતાની જ્ઞાતિમાં સર્વ ઠેકાણે વ્યવહાર સાચવવા જતા હતા. શેઠ, વીરચંદભાઇ દીપચંદ. શેઠ, ધર્મચંદ ઉદયચંદ, શેઠ નગીનદાસ કપુરચંદ, શેઠ, જેશંગ ભાઈ હઠીસંગ, શેઠ, ફકીરભાઈ તથા શેઠ પ્રેમાભાઇ વગેરેની પેઠે જૈન કોમને શેઠ, લાલભાઇની ખોટ પડી છે. જૂના જમાના અને નવા જમાના વચ્ચે ઉભા રહીને કાર્ય કરવાની શક્તિ તે ધરાવતા હતા. હામ દામ અને ઠામથી પૂર્ણ હોવાને લીધે તેમનું તેજ અન્ય મનુષ્યો ઉપર પડતું હતું. તેમની કીર્તિથી તે અમર થઇ ગયા છે. તેમની યાદગીરી સદા કાયમ રહે તે માટે એક મોટી જૈનલાયબ્રેરી તેમના કુટુંબીઓ બંધાવે તો યોગ્ય ગણાશે. જૈનોની મોટામાં મોટી લાયબ્રેરીની અમદાવાદમાં જરૂર છે અને તે શેઠ લાલભાઇના નામથી કાયમ રહે તો યોગ્યજ ગણાશે. પોતાની શક્તિ પ્રમાણે શુભ કાર્યો કરનાર શેઠ લાલભાઇના આત્માને શાંતિ ઇચ્છીને સભા બરખાસ્ત થઇ હતી. લેખકની પાસે દર્શનાર્થે તેઓ આવતા હતા. તેમની નોંધ બુકમાં તેમણે પોતાના જે જે વિચારો પ્રગટયા તે નોંધી રાખ્યા છે તે નોંધબુકો જોવામાં આવશે ત્યારે તેમના આન્તરિક ચારિત્રની ઉત્તમતા જણાશે. જૈનોમાં તેમના જેવા શુભ કાર્ય કરનારા અનેક પુરૂષો પ્રકટી નીકળો. તેમનામાં જે જે સદ્ગુણો હતા તેનો સ્વીકાર કરીને મનુષ્યોએ આગળ વધવું જોઇએ.

---

# समाचार.

## મહાન્ બુદ્ધિશાળી છોકરી.

### આઠ વરસમાં આઠ ભાષા શીખી.

ફેબ્રુવારીના " રોયલ " ચોપાનીયામાં આઠ વરસની ઉમરની બુદ્ધિશાળી છોકરીનું નીચલું વર્ણન આપ્યું છે.

આ જમાનાની સૌથી અચંબો ઉપજાવનારી છોકરી પીટર્સબર્ગનાં જાહેર તંદુરસ્તી ખાતાના ડૉ. જેબુચાનના સ્ટોનરની દીકરી વિનિફ્રેડ સેકવીલ સ્ટોનર છે. આઠ વરસની ઉમરે તે વિનીફ્રેડ આઠ ભાષાઓ ઇંગ્લીશ, ફ્રેન્ચ, જર્મની, જાપાની, રશીયન, એસ્પરેન્ટો, લેટીન

અનેક ગ્રીક બોલી શકે છે. તેણીએ અત્યાર આગમચ નિબંધો ને કવિતાઓનાં ત્રણ પુસ્તકો રચ્યાં છે. કવિતાઓ ગાવામાં તે ઘણી સરસ છે. તેની કેળવણી તે જ્યારે ધાવતી હતી ત્યારે શરૂ થઇ હતી,

તેની મા તેને ઉંઘાડવાના ગીત ગાવા ને બદલે તેની પાસ વરજીલ વાંચતી હતી. આ મહા કાવ્ય સાંભળવાને લીધે છોકરી આટલી નાની ઉમરની વયમાં કવિતા રચે છે એમ તેનાં માબાપો જણાવે છે. વિનીફ્રેડ બે મહિનાની થઇ ત્યારે તેની મા તેને ચિત્રો બતાવવા લાગી અને એક મહિના પછી તે ચિત્રો બતાવવા સાથ તેની મા વાંચી બતાવવા લાગી, છોકરી ૭ મહીનાની થઇ ત્યારે તો વાતચીત કરવા લાગી અને સઘળા બોલોના સ્પષ્ટ ઉચ્ચાર કરવા લાગી. તેણીને કદી વાંચતાં શીખવ્યું ન હતું પણ અક્ષરો વાળા બ્લોકોની રમતથી તેણી વાંચતાં શીખી હતી.

ત્રણ વરસની ઉમરે તે ટાઇપરાઇટર વાપરતાં શીખી. ચાર વરસની ઉમરે તે એસપરેન્ટો કે જે ભાષામાં તેણીએ એક નાટક રચ્યું છે તે સાથ ફ્રેન્ચ પણ શીખી. વળી ચાર વરસની ઉમરે વરજીલના ઘણા ફકરા તેણી મોઢે બોલી શકતી હતી. પાંચ વરસની ઉમરે તે કવિતા લખતાં શીખી, કે જેમાં તેણે કુદરતી પદાર્થોનું વર્ણન કીધું છે. ભાષાઓ ને સાહિત્યમાં મહાન્ બુદ્ધિશાળી છોકરી પેદા કરવા માટે તેની માએ આપેલી સંભાળપૂર્વક કેળવણીને પરિણામે આ છોકરીની અજાયબ જેવી શક્તિ ખીલી નીકળી છે.

## જૈનોની પ્રાચીનતાનો વધુ પુરાવો.

અહિક્ષેત્રના મેળાનો રીપોર્ટ હાલ બહાર પડયો છે જેથી જણાય છે કે ત્યાં ખોદકામ કરતાં નીકળેલી પ્રાચીન મૂર્તિઓના સંબંધમાં **રોયલએસિયાટિક** સોસાઇટી (ગ્રેટબ્રીટન, આયર્લાંડ) નામના અંગ્રેજી પત્રના જાનેવારી ૧૯૧૨ના પત્રમાં **પ્રોફેસર એચ લીડર્સ** સાહેબે સને ૧૯૧૦–૧૧ની ખોદાઇનો રીપોર્ટ આપેલો છે તેમાં જણાવ્યું છે કે–બરેલી જીલ્લાના રામનગર ( **અહિક્ષેત્ર** ) માં ખોદકામ કરતાં ખંડિત મૂર્તિઓ મળી જેમાં ઘણીઓપર લેખો હતા જે લેખ સંવત ૧૮થી ૭૪ એટલે ઇસ્વીસન ૯૬થી ૧૫૨ સુધીના છે ઇસ્વીસન ૯૬થી ૧૫૨ સુધીના છે જેમાં નેમનાથ સ્વામીની પદ્માસન મૂર્તિના આસનમાં જે લેખ છે તેનો ભાવાર્થ એવો છે કે સિદ્ધમ સં, ૫૦ શીત રૂતુનો બીજો માસ પ્રથમ દિવસ એ સમયે પ્રસિદ્ધ ઇંદ્રપાળે અર્હંત ભક્તિથી પોતાના પિતા અને સર્વેજીવોના કલ્યાણાર્થે શ્રીનેમનાથ સ્વામીની મૂર્તિને શ્રી પાર્શ્વનાથ સ્વામીના મંદિરમાં સ્થાપન કરી. જો પુષ્કળ શોધ ખોળ ચાલુ રહેતો જૈન ધર્મની પ્રાચીનતા વિશેષ અજવાળામાં આવી શકે.

---

**શેઠાણી ગંગાબાઇની જૈન કન્યાશાળા**–આ કન્યાશાળા સંવત ૧૯૬૮ના વૈશાખ સુદી ૮ના રોજ અત્રે નાગોરી શરાહની સામેઝવેરીવાડના નાકે કન્યાશાળાને માટે બંધાવેલા પોતાના મકાનમાં સવારના સાડાઆઠ વાગે કુંભસ્થાપી પ્રભુ પધરાવી, સ્નાત્ર તથા સત્તર ભેદી પુજા ભણાવી ખોલવામાં આવી છે, તે ખુલ્લી મુકવાની શુભ માંગલિક ક્રિયા શેઠાણીબાઇ ગંગાએ સ્વહસ્તે કરી હતી.

---

**સ્વર્ગસ્થ શેઠ લાલભાઇના આત્માની શાંતિ ઇચ્છવા મળેલી મીટીંગ.**

તા. ૭–૬–૧૯૧૨ ના રોજ. ઝવેરીવાડે આંબલી પોળના ઉપાશ્રયે સ્વર્ગસ્થ સરદાર બહાદુર શેઠ લાલભાઇ દલપતભાઇનું અકાળ મૃત્યુ થયું તેથી તેમના આત્માને શાંતિ ઇચ્છવા યોગનિષ્ઠ મુનિ મહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજીના પ્રમુખપણા નીચે શેઠ. સારાભાઇ ડાહ્યાભાઇ, શેઠ. લાલભાઇ ચુનીલાલ, ઝવેરી. લલ્લુભાઇ રાયચંદ, ઝવેરી. કેશવલાલ ઉમાભાઇ, ઝવેરી બાપાલાલ નહાલચંદ, સોદાગર. સકરચંદ હઠીસીંગ, સોદાગર. મોહનલાલ ડાહ્યાભાઇ, ઝવેરી. ડાહ્યાભાઇ કપુરચંદ, શા. મનસુખરામ ગુલાબચંદ શા. દલસુખભાઇ લલ્લુભાઇ ઝવેરી. કેશવલાલ ગોકલભાઇ તથા. ભગત. વિરચંદભાઇ ગોકલભાઇ વિગેરે તરફથી એક મોટી મીટીંગ મેળવવામાં આવી હતી જેની અંદર ઘણા સદ્ગૃહસ્થોએ હાજરી આપી હતી. શરૂઆતમાં બોર્ડીંગના સુપ્રીન્ટેન્ડન્ટ મી. શંકરલાલ ડાહ્યાભાઇએ મરહુમના ગુણોની કવિતા ગાયા બાદ શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજે મરહુમના જીવનનો ટુંક વૃતાંન્ત ઘણીજ અસરકારક રીતે કહ્યો હતો ને તેમના આત્માની શાંતિ ઇચ્છી હતી. ત્યાર બાદ શા. હીરાચંદ કકલભાઇ, ઝવેરી મોહે.લાલભાઇ મગનલાલ, વૈરાટી. મુલચંદ આશા રામ, શા. છોટાલાલ મનસુખ તેમજ જૈન સમાચારના અધિપતિ. વાડીલાલ મોતીલાલ તથા બોર્ડીંગના વિદ્યાર્થી શા. ચંદુલાલ મથુરદાસ વિગેરે એ તેમના ગુણોનું વર્ણન કર્યું હતું અને તેમના અકાળ મૃત્યુ માટે દિલગીરી બતાવી હતી. ત્યાર બાદ મરહુમના આત્માને શાંતિ ઇચ્છી મીટીંગ બરખાસ્ત થઇ હતી.

**જયંતિ ઉજવવા મળેલી મીટીંગ** તા. ૧૧–૫–૧૯૧૨ ના રોજ ઝવેરીવાડે આંબલીપોળના ઉપાશ્રયે યોગનિષ્ઠ મુનિ. મહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજીના પ્રમુખપણા નીચે મુનિ મહારાજ શ્રીરવિસાગરજીની જયંતિ ઉજવવા માટે મીટીંગ મળી હતી. શરૂઆતમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજે રવિસાગરજી મહારાજનું શુદ્ધ નિરમળ ચારિત્ર તેઓની સંયમપર દઢ શ્રદ્ધા, અપ્રતિબદ્ધ વિહાર, પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિનું આરાધકપણું, સહન શીલતા, ગુણાનુંરાગ વિગેરે તેમના ગુણોનું અસરકારક શબ્દોમાં વર્ણન કર્યું હતું ત્યારબાદ બોર્ડીંગના સુપ્રીન્ટેન્ડન્ટ શંકરલાલ ડાહ્યાભાઇએ રવિસાગરજી મહારાજ શ્રીના જીવનનો ટુંક, સાર તથા જયંતિની આવશ્યક્તા વિષે ટુંક વિવેચન કર્યું હતું, વૈરાટી, મુલચંદ આશારામે જયંતિની આવશ્યકતા અને મહારાજ શ્રી રવિસાગરજીના ઉગ્રવિહાર વિગેરે બાબતોનું વર્ણન કર્યું હતું, સાણંદવાળા. જયંતિલાલે મહારાજ શ્રીના ગુણોની તવારીખ કરી હતી ત્યાર બાદ બોર્ડીંગના વિદ્યાર્થી શા. સોમચંદ પીતાંબરે રવિસાગરજી મહારાજના ગુણોની કવિતા ગાયા બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

# जीवदया प्रकरण.

મુંબાઇના " શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ "ના ઉપદેશક રા. ત્રીભોવનદાસ જાદવજી એ માર્ચ માસમાં ખેરાળુ, ડભોડા, સીધપુર, વડનગર, ગુંજા, ઉમતા અને વિસનગર વીગેરે ગામોમાં ફરી લોકોમાં ઉપદેશ આપતાં તેના ઉપદેશથી આશરે ૫૦૦૦) માણસોએ માંસ મદીરાનો ત્યાગ કરી તે બાબતના લેખીત દસ્તાવેજો કરી દીધા છે.

માંહે એપ્રીલ માસમાં સદરહુ ઉપદેશકે વિસનગર, ભાલક, ઝાંબલી, પાણ, મંડાળી,

ગોઢવા, કડી, લાછડી, ડાભલા, મેસાણા, લીચ વીગેરે ગામોમાં મુસાફરી કરી ઉપદેશ આપતાં તેમાં આશરે ૨૫૦૦) માણુસોએ માંસ મદિરાનો ત્યાગ કરી, લેખીત–દસ્તાવેજ રજુ કર્યાં છે તથા તે ઉપરાંત ધર્મને નામે વિજયાદશમી અગર બીજા તહેવારોને દિવસે ઢોરોનો ભોગ નહીં આપવા માટે ભાષણ આપતાં તે ઉપરથી ઢોરોનો ભોગ નહી આપવાનો પણ ઠરાવ કરેલો છે.

તે ઉપરાંત મી. અંબાલાલ. બી. પટેલ. નવા ગામવાળાના પ્રયાશથી સાત માણુસોએ માંસાહારનો ત્યાગ કરેલો છે તે પણ જાહેર કરૂં છું.

વળી સુજ્ઞ દયાળુ સજ્જનોને સવિનય વિજ્ઞપ્તિ કે હિંદુસ્થાનમાં અજ્ઞાનતાથી હિંદુઓ ધર્મને નામે, બીચારાં પાડા, બકરાં વિગેરે મુગાં અનેક નિર્દોષ પ્રાણીઓનો ઘણીજ ક્રુરતાથી વધ કરે છે. તે કાયદેશર અટકાવવા માટે હિંદુસ્થાનના મુખ્ય શહેરોના અગ્રેસર વતનીઓની સહી સાથે એક અરજી નામદાર હિંદુસ્થાનની વડીસરકારને તુરતમાં મોકલવાની છે પરંતુ તે મોકલતા પહેલાં તે બાબતમાં આપ સર્વનો અભિપ્રાય લેવાની અમને દરકાર રહે છે. માટે જો નીચે સહી કરનાર સેવકને દિવસ આઠની અંદર આપશ્રીનો દયાળુ અભિપ્રાય પરોપકારાર્થે, શાસ્ત્રાધારે આપવા કૃપા કરશો તો બીચારાં અવાચક અને નિરપરાધી પ્રાણીઓની વતી હું આપ દયાળુ સજ્જનોનો મુગા પ્રાણીઓના એક વકીલ તરીકે અંતઃકરણ પુર્વક ઉપકાર માનીશ

આ ફંડ એવી રીતે પોતાનું કામ બજાવે છે. તેને ઉદાર દયાળુ ગૃહસ્થો નાણાની મદદ કરી ફંડની હયાતિ ટકાવી રાખવા બનતો પ્રયત્ન કરશે એવી આશા રાખવામાં આવે છે.

૩૦૯ શરાફ બજાર<br>મુંબાઇ નં. ૨

સેવક.<br>**છગનલાલ વિ. પરમાનંદદાસ નાણાવટી.**<br>**For લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી.**<br>મેનેજર. જી. દ. જ્ઞ પ્ર. ફં. મુંબઇ.

# अभिप्राय.

## પેથાપુર વિદ્યાર્થી મંડલનો સને ૧૯૧૨ની સાલનો રીપોર્ટ.

આ રીપોર્ટ મંડલના સેક્રેટરી ડોકટર માણેકલાલ મગનલાલ તરફથી અમને અભિપ્રાયાર્થે મોકલવામાં આવેલો છે. આ મંડલનો ઉદ્દેશ પોતાના ગામના વિદ્યાર્થીઓને કેળવણીની વૃદ્ધિના અર્થે ચોપડીઓ, ફી વગેરે સાધન પુરાં પાડવાં તથા પ્રસંગ પડે તો તેમને પારિતોષિકો આપી તેમની માનસિક અને શારિરીક શક્તિનો વિકાશ કરવો તથા સાહિત્યના અંગે બનતી સેવા બજાવવી એ છે. રીપોર્ટવાલા વરસમાં મંડલનું કામ સંતોષકારક થયું છે તેમ આપણને રીપોર્ટ જોતાં માલમ પડે છે. મંડલના નિભાવ માટે મેમ્બરો કરેલા છે ને તે દરેક મેમ્બર પાસેથી વાર્ષિક ફી લેવાની ઠરાવી છે. આ સિવાય તેના કાર્યવાહકો ત્યાંના સદ્ગૃહસ્થોને ત્યાં અવસર પ્રસંગે જઇ મંડલને મદદ કરાવે છે. આ મંડલના હાલ સેક્રેટરી ડોકટર માણેકલાલ મગનલાલ છે જે આ મંડલની અભિવૃદ્ધિના માટે અહોનિશ મહેનત કરે છે ને બનતી સંભાલ રાખી કાળજીપૂર્વક કામ બજાવે છે. અમો આ મંડલની દરેક રીતે અભિવૃદ્ધિ ઇચ્છીએ છીએ.